

NAVSARJAN SANSKRUTI RNI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 134
Dt.: 21-03-2025, Friday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીની મોટી જાહેરાત

# ‘૬ મહિનામાં પેટ્રોલ ગાડીઓ જેટલી કિંમતે વેચાશે ઈલેક્ટ્રિક વ્હિકલ’

## કેન્દ્રીય મંત્રી ગડકરીએ વધુમાં કહ્યું કે ભારતને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે, દેશને તેના માળખાગત ક્ષેત્રને સુધારવાની જરૂર છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ એક મોટી જાહેરાત કરતા કહ્યું કે આગામી ૬ મહિનામાં દેશભરમાં ઈલેક્ટ્રિક વાહનો ના ભાવ પેટ્રોલ વાહનો જેટલા જ થઈ જશે. નીતિન ગડકરીએ ૩૨મા કન્વર્જન્સ ઈન્ડિયા અને ૧૦મા સ્માર્ટ સિટીઝ ઈન્ડિયા એક્સ્પોને સંબોધન કરતી વખતે આ ટિપ્પણી કરી હતી.ગડકરીએ કહ્યું કે ૨૧૨ કિલોમીટર લાંબા દિલ્હી-દહેરાદૂન એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસવેનું બાંધકામ આગામી ત્રણ મહિનામાં પૂર્ણ થઈ જશે.

આ ઉપરાંત ગડકરીએ જણાવ્યું હતું કે સરકારની નીતિ આયાત અવેજી, ખર્ચ અસરકારકતા, પ્રદૂષણ મુક્ત અને સ્વદેશી ઉત્પાદનની છે.કેન્દ્રીય મંત્રી ગડકરીએ વધુમાં કહ્યું કે ભારતને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે, દેશને તેના માળખાગત ક્ષેત્રને સુધારવાની જરૂર છે. સારા રસ્તા બનાવીને આપણે આપણા લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડી શકીએ છીએ.આ સાથે નીતિન ગડકરીએ કહ્યું કે દેશની અર્થવ્યવસ્થાનું ભવિષ્ય ખૂબ સારું છે અને સરકાર સ્માર્ટ શહેરો અને સ્માર્ટ પરિવહન માટે પ્રતિબદ્ધ છે. અમે ઈલેક્ટ્રિક આધારિત ઝડપી માસ ટ્રાન્સપોર્ટ પર કામ કરી રહ્યા છીએ. ગડકરીએ રસ્તાના બાંધકામનો ખર્ચ ઘટાડવા માટે નવી ટેકનોલોજી અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.



લોકશાહી દેશમાં તંત્રએ ‘પોલીસ રાજ’ની જેમ વર્તવું જોઈએ નહીં

# જામીન અરજીઓ ફગાવી દેવાના પ્રમાણમાં વધારો ચિંતાજનકઃ સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અતિશય ગંભીર પ્રકારના કેસ ન હોવા છતાં ટ્રાયલ કોર્ટ દ્વારા જામીન અરજીઓ ફગાવી દેવાના વલણને સુપ્રીમ કોર્ટે ચિંતાજનક ગણાવ્યુ હતું. કોર્ટે ઠરાવ્યુ હતું કે, લોકશાહી દેશમાં તંત્રએ પોલીસ રાજની જેમ કામ કરવું જોઈએ નહીં. પોલીસ કે અન્ય એન્ફોર્સમેન્ટ એજન્સી પોતાની સત્તાનો ઉપયોગ કરી કોઈ નક્કર કારણો કે જરૂરિયાત વગર વ્યક્તિને ગોંધી રાખે તે યોગ્ય નથી. જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુયાનની બેન્ચે નોંધ્યું હતું કે, બે દાયકા અગાઉ આ પ્રકારના કેસમાં જામીનની અરજીઓ ભાગ્યે જ હાઈકોર્ટ સુધી પહોંચતી હતી અને સુપ્રીમ કોર્ટ સુધી તો એકાદ કેસ જ આવતો હતો. ટ્રાયલ કોર્ટના સ્તરે જેવી જામીન અરજીઓનો નિકાલ થઈ જવો જોઈએ, તેવી અરજીઓ સુપ્રીમ કોર્ટ સુધી આવી રહી છે. આ બાબત ચિંતાજનક છે અને તેના કારણે



બિનજરૂરી ભારણ વધે છે. એક જામીન અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે અરજદારના જામીન મંજૂર કર્યા હતા. કેસની વિગતો મુજબ, ઠગાઈના કેસમાં એક આરોપી છેલ્લા બે વર્ષથી કસ્ટીમાં છે. કેસની તપાસ પૂરી થયા બાદ ચાર્જશીટ ફાઈલ થઈ ગઈ હતી. આમ છતાં ટ્રાયલ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટે તેની જામીન અરજી ફગાવી હતી. આરોપીના જામીન મંજૂર કરતાં સુપ્રીમ કોર્ટે નોંધ્યુ હતું કે, આરોપીએ તપાસમાં સહકાર આપેલો છે અને તપાસ દરમિયાન પણ તેની ધરપકડ પણ કરવામાં આવી ન હોતી. ચાર્જશીટ થયા પછી તેને કસ્ટડીમાં લેવાનું વલણ યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે નોંધ્યુ હતું કે, મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ ચાલવી જોઈએ તેવી જામીન અરજીઓ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચવાની ઘટના કમનસીબ છે. જામીન મળવાપાત્ર હોવા છતાં લોકોને જામીન મળતા નથી, તેવું કહેતા દુઃખ થાય છે.

ભારતમાં ૨૦૨૪નું વર્ષ છેલ્લા ૧૪ વર્ષમાં સૌથી ગરમ વર્ષ રહ્યું

# ગરમી-લૂને કારણે દેશભરમાં ૧૦ વર્ષમાં ૧૦ હજારથી વધુના મોત

## સરકારી આંકડાઓ અનુસાર ૨૦૧૩થી ૧૦ વર્ષના સમયગાળામાં ભારતમાં વધારે ગરમી અને લૂ લાગવાને કારણે ૧૦૬૩૫ લોકોનાં મોત થયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



સરકારી આંકડાઓ અનુસાર ૨૦૧૩થી ૧૦ વર્ષના સમયગાળામાં ભારતમાં વધારે ગરમી અને લૂ લાગવાને કારણે ૧૦૬૩૫ લોકોનાં મોત થયા છે. હવામાન વિભાગ મુજબ ભારતમાં ૨૦૨૪નું વર્ષ છેલ્લા ૧૪ વર્ષમાં સૌથી ગરમ વર્ષ રહ્યું હતું.સત્તાવાર આંકડાઓ અનુસાર સૌથી ગરમ અને સૌથી લાંબા લૂ સમયગાળા દરમિયાન ભારતમાં ૪૧૭૮૯ લૂનાં કેસો અને ૧૪૩ લૂ સંબધિત મોત નોંધવામાં આવ્યા છે.ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ ચાલુ વર્ષે પણ દેશના મોટા ભાગના વિસ્તારોમાં સામાન્યથી વધુ મહત્તમ અને લઘુતમ તાપમાનનો અંદાજ મૂક્યો છે. આ દરમિયાન સંસદની એક સ્થાયી સમિતિએ સૂચન કર્યુ છે કે કેન્દ્ર પોતાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનમાં લૂ જેવી નવી અને ઉભરતી આપત્તિઓને સામેલ કરે.ગૃહ બાબતોની વિભાગ સંબધી સ્થાયી સંસદીય સમિતિએ ગયા સપ્તાહ રાજ્યસભામાં રજૂ કરવામાં આવેલા એક રિપોર્ટમાં આપત્તિઓની સત્તાવાર યાદીની નિયમિત સમીક્ષા અને તેને આધુનિક બનાવવા માટે એક પ્રણાલી સ્થાપિત કરવાની પણ ભલામણ કરી છે.રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સમિતિએ ભલામણ કરી છે કે મંત્રાલય પોતાની ડિઝાસ્ટર મેનેજમેન્ટ યોજનાઓમાં લૂ વગેરેને કારણે ઉભી થતી નવી આપત્તિઓને સામેલ કરી શકે છે.આપત્તિઓની સત્તાવાર યાદીની નિયમિત સમીક્ષા અને તેને આધુનિક બનાવવા માટે એક પ્રણાલી સ્થાપિત કરવાની પણ ભલામણ કરવામાં આવે છે જેથી એ સુનિશ્ચિત કરવામાં આવી શકે જેથી એક્ટ પ્રાસંગિક બની રહે તથા ઉભરતા જોખમો પ્રત્યે નિષ્ણાતો, હિતધારકો અને પ્રભાવિત સમુદાયોના ચર્ચાના માધ્યમથી જવાબદાર હોય. ભાજપના રાજ્યસભા સભ્ય રાધા મોહન દાસ અગ્રવાલની અધ્યક્ષતાવાળી ૩૧ સભ્યોની સમિતિએ મંત્રલાયથી જળવાયુ પરિવર્તન અને આપત્તિઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને દીર્ઘકાલીન આપત્તિ તૈયારીઓ માટે અભ્યાસ અને યોજના બનાવવાની પણ અપીલ કરી હતી.

રજીસ્ટ્રેશન કેન્દ્રો યાત્રાના પ્રથમ ૧૫ દિવસ ૨૪ કલાક ખુલ્લા રહેશે

# ચારધામ યાત્રા ૨૦૨૫ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ

## આ ચારધામની યાત્રા ૩૦મી એપ્રિલે ગંગોત્રી અને યમુનોત્રી ધામના દરવાજા ખોલવાની સાથે શરૂ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)દહેરાદુન

ચારધામ યાત્રા માટેનું આધાર કાર્ડ આધારિત ઓનલાઈન રજીસ્ટ્રેશન આજથી શરૂ થઈ ગયું છે. આ યાત્રા ૩૦ એપ્રિલે ગંગોત્રી અને યમુનોત્રી ધામના દરવાજા ખોલવાની સાથે શરૂ થશે. કેદારનાથના કપાટ ૨ મે અને બદ્રીનાથ ધામના કપાટ ૪ મેના રોજ ખોલવામાં આવશે.

મળતી માહિતી મુજબ, આ વખતે ચારધામ યાત્રા માટે માત્ર ૬૦% રજીસ્ટ્રેશન ઓનલાઈન થશે, જ્યારે ૪૦% રજીસ્ટ્રેશન ઓફલાઈન હશે. ચારધામ યાત્રા નિકળતા શ્રદ્ધાળુઓને કોઈપણ પ્રકારની સમસ્યા ન થાય તે માટે રજીસ્ટ્રેશન કેન્દ્રો યાત્રાના પ્રથમ ૧૫ દિવસ ૨૪ કલાક ખુલ્લા રહેશે. આ સાથે, વિભાગ હરિદ્વાર અને ઋષિકેશ સહિતના પ્રવાસ માર્ગો પર રજીસ્ટ્રેશન કેન્દ્રોની સંખ્યામાં પણ વધારો કરશે.

ચારધામ યાત્રા માટે રજીસ્ટ્રેશન કરાવવા માટે ભક્તોએ સત્તાવાર વેબસાઈટ https://registraionandtouristcare.uk.gov.in/ ની મુલાકાત લેવી પડશે. હેલી સેવા માટેની ટિકિટ heliyatra.irctc.co.in પરથી બુક કરી શકાય છે.

ચારધામ યાત્રા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે પહેલા સત્તાવાર વેબસાઈટ પર જાઓ. તેમાં રજીસ્ટર અથવા લોગિન (નોંધણી) પર ક્લિક કરો. હવે મોબાઈલ નંબરની મદદથી લોગીન કરો. આ પછી, નામ, રાજ્ય અને આધાર કાર્ડની વિગતો જેવી બધી જરૂરી માહિતી ભરીને રજીસ્ટ્રેશન પૂર્ણ કરો.

ગયા વર્ષે, યાત્રા દરમિયાન, મસૂરી કેમ્પ્ટી રોડ પર પ્રવાસી વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવો પડ્યો હતો. આ ઉપરાંત ગંગોત્રી અને યમુનોત્રી ધામમાં મોટી સંખ્યામાં વાહનો આવતાં અરાજકતા સર્જાઈ હતી. જેના કારણે મુસાફરોને ટ્રાફિક જામની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. તેમજ કટાપત્થર ચેકપોસ્ટ પર પાણી અને અન્ય સુવિધાઓના અભાવે યાત્રાળુઓએ હોબાળો મચાવ્યો હતો. જેને ધ્યાનમાં રાખીને આ નવી વ્યવસ્થા કરવામાં આવી છે.

૨૦૨૪ના ચાર મહિનામાં જ

# ગેમિંગ સાઈટ્સ પર રૂ.૧.૬ અબજ જેટલી વિઝિટ થઈ : ક્રાઈમ બ્રાન્ચ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગેમિંગ એપમાંથી રૂપિયા કાઢી લેવા માટે અલગ અલગ બેંકના કર્મચારીઓને રૂપિયાની લાલચ આપી કોડ મેળવીને સાત કરોડથી વધુનું કૌભાંડ આચરવાના મુદ્દે પકડાયેલા આરોપીએ કરેલી જામીન અરજીમાં તપાસનીશ અધિકારીએ કોર્ટમાં એફિડેવિટ રજૂ કરી છે. જેમાં એવો ઉલ્લેખ કર્યો છે કે, દેશમાં ગેરકાયદે રીતે ઓપરેટર થતા ઓનલાઈન સટ્ટા બેટીંગમાં વધારો થયો છે. ડિજિટલ ઈન્ડિયા ફાઈન્ડેશનના રિપોર્ટ મુજબ ઓક્ટોબર ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ગેમીંગ સાઈટો ઉપર ૧.૬ અબજ જેટલી વિઝિટ કરવામાં આવી છે. જેના લીધે દેશનું યુવાધન જે માર્ગે જઈ રહ્યું છે, તેની ખૂબ જ નકારત્મક અસર તેના કુંટુબ અને અંતે ભારતીય સામાજિક-આર્થિક વ્યવસ્થા પર પડી છે. બીજી તરફ કોર્ટે જામીન અરજીનો ચૂકાદો અનામત રાખ્યો છે. ઈ-કોમર્સ સાઈટને કરોડોનો ચૂનો લગાવવાના કૌભાંડનો પર્દાફાશ

## ગેમિંગ એપમાં ૭ કરોડનું કૌભાંડ આચરનાર આરોપીની જામીન અરજી સામે એફિડેવિટ

કરી વિજય અમરાભાઈ વાઘેલા સહિત ત્રણ આરોપીની જાન્યુઆરી માસમાં ધરપકડ કરીને જેલમાં મોકલાયા હતા. દરમિયાનમાં આરોપી વિજય વાઘેલાએ જામીન મેળવવા માટે અરજી કરી હતી. જેમાં એવી રજૂઆત કરી હતી કે, મને ખોટી રીતે સંડોવી દેવામાં આવ્યો છે, મારો કોઈ જ રોલ નથી, કોર્ટ પાસે જામીન આપવાની સત્તા છે અને કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા તૈયાર છું તેથી જામીન આપવા જોઈએ. જોકે, તપાસનીશ અધિકારીએ મુખ્ય સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટ મારફતે એફિડેવિટ કરીને કોર્ટનું ધ્યાન દોર્યુ હતું કે, ઈ-કોમર્સ વેબસાઈટ હોય છે, જેમાં નાગરિકોનો ભરોસો હોય તે પ્રમાણે તેઓ નાણાં મર્ચન્ટને ચૂકવતા હોય છે. આરોપીએ કોમર્સન વેબસાઈટ હેક કરીને પ્રાઈઝ મેનિપ્યુલેટ કરીને ઠગાઈ આચરી છે. આરોપીએ કસ્ટમરનો અંગત પર્સનલ ડેટા પણ મેળવીને નાગરિકોની પ્રાયવસી જોખમમાં મૂકી છે. વેબસાઈટ બ્લોક કરવા એડવાઈઝરી જાહેર કરવા છતાં ગેરકાયદે રીતે ઓપરેટ થતા ઓનલાઈન સટ્ટા બેટીંગમાં વધારો થઈ રહ્યો છે. આ ગેંગે ઈ કોમર્સ સાઈટ પરથી સવા ત્રણ લાખના ડ્રોનના પેમેન્ટ ગેટવેમાં ચેડાં કરીને ૩ રૂપિયામાં મેળવી લીધું હતું અને પેકિંગ અને બિલ સાથે ડ્રોન સવા લાખ રૂપિયામાં વેચી દીધું હતું. આ ગઠિયાઓએ આવી રીતે કુલ સાત કરોડના ઓર્ડર કરીને પાર્સલ મગાવી લીધા હતા.ઈ કોમર્સ કંપની પર ઓર્ડર કરે અને જ્યારે પેમેન્ટ કરવાનું થાય ત્યારે પેમેન્ટ ગેટવેમાં ચેડાં કરીને નજીવી રકમ જ ચૂકવતા હતા. પોલીસે તપાસ કરતા આ ગેંગ દ્વારા આવી રીતે સાત કરોડની વસ્તુઓ મગાવવામાં આવી હતી.

બંને દેશોના ફાયદાની વાત

# ચીન ઉપરની આયાત નિર્ભરતા ઘટાડવા તાઈવાનની ભારતને ઓફર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

તાઈવાનના ડેપ્યુટી નેશનલ સિક્યુરિટી એડવાઈઝર **(NSA)** શૂ ચિએન શૂએ ભારત સમક્ષ ઓફર મૂકી છે કે, તેઓ ચીનમાંથી ઈલેક્ટ્રોનિક પાર્ટ્સની આયાત ઘટાડવા માટે મદદરૂપ બની શકે છે. ભારત તાઈવાન સાથે આર્થિક ભાગીદારી વધારવા મુક્ત વેપાર કરાર **(FTA)**ને મંજૂરી આપી શકે છે. રાયસીના ડાયલોગમાં ભાગ લેવા માટે આવેલા તાઈવાનના **NSA** શૂ ચિએન શૂએ મીડિયા સાથે ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, ભારત સાથે મુક્ત વેપાર કરારની મદદથી તાઈવાનની કંપનીઓ માટે સેમિકંડકટર અને અન્ય ઉચ્ચ તકનીકી ક્ષેત્રોમાં રોકાણનો માર્ગ મોકળો બનશે. તેમજ ઊંચા ટેરિફથી પણ છૂટકારો મળશે. બંને દેશો વચ્ચેના આ કરારથી ચીનને ફટકો પડી શકે છે.શૂ ચિએન શૂએ જણાવ્યું હતું કે, તાઈવાનની ટેક્નોલોજી અને ભારતની વસ્તીનો લાભ લેતાં ભારતમાં ઉચ્ચ સ્તરની ટેકનોલોજી પ્રોડક્ટ્સનું ઉત્પાદન થઈ શકે છે, જે ભારતની ચીન પરની આયાત નિર્ભરતામાં ઘટાડો કરવામાં મદદ કરશે. તેમણે ભારત અને તાઈવાન વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે બંધ બારણે બેઠક યોજી હોવાનું પણ જાણવા મળ્યું છે. વધુમાં શૂએ કહ્યું કે, ‘મને લાગે છે કે બંને દેશોએ સંબંધોને વધુ ગાઢ બનાવવાની જરૂર છે. ભારત ચીનમાંથી આયાત કરવાને બદલે તાઈવાન સાથે મળી વિવિધ ઈલેક્ટ્રોનિક પાર્ટ્સનું ઉત્પાદન કરીને ચીન સાથેની તેની વિશાળ વેપાર ખાધમાં ઘટાડો કરી શકે છે. જેમાં મોટાભાગનાૈં ઝ્ર (માહિતી અને સંચાર તકનીક) પ્રોડ્કટ્સ સમાવિષ્ટ છે. તાઈવાન માત્ર સેમિકન્ડકટર્સમાં જ નહીં, પરંતુ અન્ય તમામ **ICT** ઉત્પાદનોમાં મદદ કરી શકે છે.’

સત્તાવાર જાહેર આંકડાઓ અનુસાર, ચીન સાથે ભારતની વેપાર ખાધ સતત વધી રહી છે. ૨૦૨૩-૨૪માં ચીનમાંથી ભારતે કુલ ૧૦૧.૭૫ અબજ ડોલરની આયાત કરી હતી. જેની સામે નિકાસનો આંકડો ૧૬.૬૫ અબજ ડોલર રહ્યો હતો. ૨.૩૦ કરોડથી વધુ વસ્તી ધરાવતું તાઈવાન વિશ્વની કુલ માગના લગભગ ૭૦ ટકા સેમિકન્ડકટર્સ અને ૯૦ ટકાથી વધુ ચીપ્સનું ઉત્પાદન કરે છે. આ ચીપ્સનો ઉપયોગ સ્માર્ટફોન, ઓટો પાર્ટ્સ, ડેટા સેન્ટર્સ, ફાઈટર જેટ અને છૈં ટેકનોલોજી જેવા લગભગ તમામ ઈલેક્ટ્રોનિક ઉપકરણો માટે જરૂરી છે.તાઈવાનના ડેપ્યુટી નેશનલ સિક્યુરિટી એડવાઈઝરે કહ્યું કે તાઈવાન ભારત સાથે વેપાર કરાર કરવા આતુર છે. જોકે ભારતનો ટેરિફ ઘણો વધારે છે. તેથી અમે અમારા દ્રષ્ટિકોણ અને વાટાઘાટાનો માધ્યમથી વેપાર કરાર કરવા માગીએ છીએ. જેમાં બંને દેશોનો ફાયદો થાય. બંને પક્ષોએ સૂચિત **FTA** માટે અભ્યાસ હાથ ધર્યો છે અને કરાર પર પ્રારંભિક ચર્ચા પણ કરી છે.તાઈવાન ચીનને પોતાનો દુશ્મન માને છે. વર્ષોથી બંને દેશો વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. ચીન તાઈવાનને પોતાના દેશનો જ હિસ્સો માને છે, જ્યારે તાઈવાન પોતે અલગ દેશ હોવાનો દાવો કરે છે. ભારત અને તાઈવાન વચ્ચે ઔપચારિક રાજદ્વારી સંબંધો નથી. આમ છતાં તેમની વચ્ચે દ્વિપક્ષીય વેપાર સંબંધો વધી રહ્યા છે.

અમેરિકામાં ૨૨.૮૯ કરોડ, નેપાળમાં ૮૦ લાખ

# ૩ વર્ષમાં મોદીના વિદેશ પ્રવાસ થયેલા ખર્ચના આંકડા સંસદમાં રજૂ કરાયા


(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ અને લોકસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના છેલ્લા ત્રણ વર્ષના વિદેશ પ્રવાસ પર થયેલા ખર્ચ વિશે જવાબો માગ્યા હતા.

ખડગેને આશા હતી કે સરકાર નહીં જણાવે અથવા ખર્ચ વધારે હશે, જેને લઈને પ્રહારો કરી શકાશે. જો કે તેમણે રાજ્યસભામાં આ મુદ્દો ઉઠાવ્યો, તો જવાબમાં રાજ્ય મંત્રી પબિત્ર માર્ગરેટે સરકારનું સત્તાવાર વિવરણ રજૂ કર્યું.

સરકારના જણાવ્યા અનુસાર, ૨૦૨૨થી ૨૦૨૪ સુધી પીએમ મોદીએ કુલ ૩૮ દેશોની મુલાકાત લીધી. આ દરમ્યાન થયેલા ખર્ચનું વિવરણ સંસદમાં રજૂ કરવામાં આવ્યું. સૌથી ઓછો ખર્ચો નેપાળ યાત્રા પર થયો, જ્યાં ૮૦ લાખ ૧ હજાર ૪૮૩ રૂપિયા ખર્ચ થયા. તો વળી સૌથી મોંઘો પ્રવાસ અમેરિકાનો રહ્યો. જ્યાં ૨૦૨૩માં ૨૨ કરોડ ૮૯ લાખ ૬૮ હજાર ૫૦૯ રૂપિયા ખર્ચ આવ્યો.

વિદેશ રાજ્ય મંત્રીએ જવાબમાં એવું પણ જણાવ્યું કે, આ પહેલી વાર નથી, જ્યારે કોઈ પ્રધાનમંત્રીના વિદેશ પ્રવાસ પર મોટો ખર્ચ થયો હોય. તેમણે પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહના પ્રવાસનું પણ ઉદાહરણ આપ્યું. તેમના જણાવ્યા અનુસાર, ૨૦૧૧માં અમેરિકા યાત્રા પર ૧૦ કરોડ ૭૪ લાખ ૨૭ હજાર ૩૬૩ રૂપિયા ખર્ચ થયો હતો. ૨૦૧૩માં રશિયા યાત્રાનો ખર્ચ ૯ કરોડ ૯૫ લાખ ૭૬ હજાર ૮૯૦ રૂપિયા હતો. ૨૦૧૧માં ફ્રાન્સ પ્રવાસ પર ૮ કરોડ ૩૩ લાખ ૪૯ હજાર ૪૬૩ રૂપિયા અને જર્મની યાત્રા પર ૬ કરોડ ૨ લાખ ૨૩ હજાર ૪૮૪ રૂપિયા ખર્ચ થયો હતો.


શું તમે જાણો છો? પ્રચાર-આધારિત ચાલતા રોકાણો ફુગ્ગા જેવા હોય છે - તે ઝડપથી વધે છે પણ એટલી જ ઝડપથી ફૂટી જાય છે. સમજદાર બનો અને યોગ્ય રોકાણ કરો.

કોમોડિટી ડેરિવેટિવ્ઝ માર્કેટમાં ટ્રાન્ઝેક્શન અથવા રોકાણ કરતા પહેલા રિસ્ક ડિસ્ક્લોઝર ડોક્યુમેન્ટ (RDD) કાળજીપૂર્વક વાંચો

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડ દ્વારા જનહિતમાં પ્રકાશિત

સેબીની ઇન્વેસ્ટર વેબસાઇટ જોવા માટે

સેબીની રોકાણકારની વેબસાઇટ પર જ્ઞાનની સંપત્તિને અનલોક કરો

QR કોડ સ્કેન કરો

MCX METAL & ENERGY Trade with Trust

MCX INVESTOR PROTECTION FUND

# તંત્રી લેખ......

## સાંપ્રદાયિક તોફાનો

નાગપુરમાં હિંસા બાદ કેટલાય ક્ષેત્રોમાં કરફ્યૂ લગાવવાની જે નોબત આવી છે, તેનાથી એટલી ખબર પડે છે કે દાટેલાં મડદાં ઉખાડવાનાં કેવાં દુષ્પરિણામ આવે છે. જેવી રીતે આતતાયી શાસક ઔરંગઝેબની કબર હટાવવાની માંગ ઉઠાવીને દાટેલાં મડદાં ખોદવાનું બિનજરૂરી કામ કરવામાં આવ્યું, એવી જ રીતે તેને દયાળુ અને નેક શાસક તરીકે સ્થાપિત કરવાની ભદ્દી કોશિશોએ પણ માહોલ બગાડવામાં જ યોગદાન આપ્યું. એમાં કોઈ બેમત નહીં કે ઔરંગઝેબ એક ક્રૂર, કટ્ટર અને મતાંધ શાસક હતો, પરંતુ તેની કબર હટાવવાની માંગ કરવાનું પણ કોઈ મહત્ત્વ નથી દેખાતું. આખરે એવું તો છે નહીં કે તેની કબર દૂર કરી દેવાથી તેનાં કાળાં કરતૂતો પર પડદો પડી જશે અથવા એ અત્યાચારોનો પ્રતિકાર થઈ જશે, જે તેણે કર્યા હતા? ઔરંગઝેબની કબર એની જ તો નિશાની છે કે ત્યાં એક એવો શાસક દફન છે, જે બેહદ અત્યાચારી હતો. તથ્ય એ પણ છે કે ઔરંગઝે એકલો જ એવો મુગલ શાસક નહોતો, જેણે અત્યાચાર કર્યા હોય. આખરે કેટલા મુગલ શાસકો કે અન્ય બહારના આક્રમણખોરોની નિશાનીઓ ભૂંસવાની માંગ કરવામાં આવશે? શું એવું કરવાથી તેમની સાથે જોડાયેલી કડવી યાદો ભૂલાઈ જશે? એ સમજાય છે કે ઔરંગઝેબનું મહિમામંડન ન થવા દેવું જોઈએ અને જે લોકો તેનાં વખાણ કરે છે, તેમનો વિરોધ કરવો જોઈએ, પરંતુ તેની પણ એક રીત હોવી જોઈએ. તેની સાથે જ એ પણ ધ્યાન રાખવું જોઈએ કે સંભાજીનગરમાં ઔરંગઝેબની કબર એક ઉપેક્ષિત સ્થળ છે. ત્યાં મુઠ્ઠીભર લોકોને બાદ કરતાં બધા જ તેને હીણી નજરથી જુએ છે.

નાગપુરમાં હિંસા એટલા માટે ભડકી, કારણ કે ઔરંગઝેબની કબર હટાવવાની માંગ કરી રહેલા લોકોએ તેના પ્રતીકાત્મક કબરવાળા ફોટો બાળ્યા. તેમાં એવી અફવા ફેલાઈ કે તેમાં મજહબી નારા લખ્યા હતા. આ નિતાંત જૂઠ્ઠાણું અને ખોટી અફવા જ હતી. એ માનવાનાં ઘણાં કારણો છે કે આ અફવા જાણીજોઈને ફેલાવી હતી અને લોકોને હિંસા માટે ઉશ્કેર્યા હતા. લાગે છે કે આ અફવાના સહારે ઉપદ્રવ કરવાની તૈયારી પહેલેથી જ કરી લેવામાં આવી હતી. જો તૈયારી ન હોત તો બે કલાક સુધી આગચંપી અને તોડફોડ ન થઈ હોત. જોકે આ હિંસાના માસ્ટરમાઈન્ડની ધરપકડ થઈ ચૂકી છે. આ હિંસામાં અનેક લોકો ઘાયલ થયા, જેમાંથી ૩૦થી વધારે તો પોલીસકર્મીઓ છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ફડણવીસ કહી રહ્યા છેકે પોલીસકર્મીઓ પર હુમલો કરનારાને છોડવામાં નહીં આવે, પરંતુ તેની સાથે જ તેમણે એ પણ સુનિશ્ચિત કરવું પડશે કે કોઈપણ કોઈ બાબતે પોતાની પસંદ-નાપસંદ વ્યક્ત કરતી વખતે આટલું બેલગામ ન થઈ જાય. તેની સાથે જ એ પણ સમજવું જોઈએ કે આપણા દેશમાં કેટલાય એવા શાસક થયા છે, જેમનો ભૂતકાળ દાગદાર અથવા વિવાદિત છે. તેમના કાર્ય-વ્યવહાર પર ચર્ચાના નામે એવું ન થવું જોઈએ જેનાથી સામાજિક સદ્ભાવ કે કાયદો-વ્યવસ્થા માટે સંકટ પેદા થઈ જાય.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : સોનાના વાયદામાં રૂ.૮૯,૭૯૬નો ઉચ્ચતમ ભાવ જોવાયા બાદ રૂ.૩૨ની નરમાઈ: ચાંદીનો વાયદો રૂ.૭૨૦ તૂટ્યો

### ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩નો મામૂલી સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૭૫૭૩.૯૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૦૮૪૭.૮૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૩૬૭૫.૦૭ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૧૦૮૭ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૯૮૪૨૩.૯૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૭૫૭૩.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૦૮૪૭.૮૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૨૧૦૮૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૯૭૮.૦૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૬૭૫.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૯૪૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૯૭૯૬ અને નીચામાં રૂ.૮૮૩૫૦ના મથાળે અથડાઈ, રૂ.૮૮૬૦૨ના આગલા બંધ સામે રૂ.૩૨ ઘટી રૂ.૮૮૫૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૨ ઘટી રૂ.૭૨૦૧૦ થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮ ઘટી રૂ.૯૦૩૮ થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪ ઘટી રૂ.૮૮૫૩૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૪૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૭૬૭ અને નીચામાં રૂ.૯૮૫૧૮ના સ્તરને સ્પર્શી, રૂ.૯૯૯૨૪ના આગલા બંધ સામે રૂ.૭૨૦ ઘટી રૂ.૯૯૨૦૪ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૭૮૪ ઘટી રૂ.૯૯૧૦૭ના ભાવે બોલાયો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૭૮૯ ઘટી રૂ.૯૯૦૮૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૬૯૦.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો ૨૦ પૈસા ઘટી રૂ.૯૧૦ના સ્તરે પહોંચ્યો હતો. જસત માર્ચ વાયદો ૨૫ પૈસા વધી રૂ.૨૭૬.૨ થયો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૯૫ પૈસા વધી રૂ.૨૬૩.૪ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો રૂ.૧.૩૫ ઘટી રૂ.૧૮૧.૨ના ભાવે બોલાયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૨૦૮.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૫૮૪૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૮૫૬ અને નીચામાં રૂ.૫૭૯૨ના મથાળે અથડાઈ, રૂ.૫૮૨૨ના આગલા બંધ સામે રૂ.૩ વધી રૂ.૫૮૨૫ થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૪ વધી રૂ.૫૮૨૭ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૭ વધી રૂ.૩૬૪ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૧.૭ વધી રૂ.૩૬૩.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૩૩.૧ના ભાવે ખૂલી, રૂ.૨.૧ ઘટી રૂ.૯૨૯ના ભાવે બોલાયો હતો. કોટન ખાંડી માર્ચ વાયદો ખાંડીદીઠ રૂ.૩૬૦ વધી રૂ.૫૩૪૦૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૫૩૨.૨૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૧૪૨.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૧૯૧.૭૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭૩.૪૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૪૨.૬૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮૨.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૯૫.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. જ્યારે નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૧૨.૫૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદાઓમાં રૂ. ૨.૯૪ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૧૫૨૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૩૯૨૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૯૦૧૧ લોટ અને ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૧૪૦૯૮ લોટના સ્તરે હતો. જ્યારે ચાંદીના વાયદાઓમાં ૨૨૨૦૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૨૬૦૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૭૧૮૩ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૬૪૩૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૮૫૬૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૨૧૨૨૪ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૧૨૨૪ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૧૦૧૭ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૭૩ પોઈન્ટ ઘટી ૨૧૦૮૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૨ ઘટી રૂ.૧૯૬.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા ઘટી રૂ.૧૦.૫ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૯૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨.૫ ઘટી રૂ.૧૪૦.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૧૦.૫ ઘટી રૂ.૨૪૯૧ થયો હતો. તાંબું માર્ચ રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૭ પૈસા ઘટી રૂ.૪.૪૪ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૧ પૈસા ઘટી રૂ.૦.૪ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૭૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ ૮૦ પૈસા વધી રૂ.૮.૬૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા ઘટી રૂ.૧૦.૬ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૮૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૮.૫ ઘટી રૂ.૪૦૪.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૧૯ ઘટી રૂ.૨૩૧૪ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬.૬ ઘટી રૂ.૧૭૮.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા ઘટી રૂ.૮.૪ થયો હતો.

સોનું માર્ચ રૂ.૮૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૫.૫ ઘટી રૂ.૩૨૭ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૨૧ વધી રૂ.૩૨૪૫ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૦ પૈસા ઘટી રૂ.૧.૩ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૭ પૈસા વધી રૂ.૧.૨ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૭.૬ ઘટી રૂ.૧૭૯.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા ઘટી રૂ.૮.૩૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૮૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૧ ઘટી રૂ.૩૫૬ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૩૫ વધી રૂ.૩૧૫૬ થયો હતો.

ખાલી મકાન બન્યા અસમાજીક તત્વોનો અડ્ડો

# વડોદરામાં પોલીસ કર્મચારીઓ ભાડેથી રહેવા મજબૂર બન્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાશહેર પોલીસમાં કાર્યરત પોલીસ કર્મચારીઓના રહેઠાણ માટે પ્રતાપનગર હેડક્વાર્ટર અને અકોટા પોલીસ લાઈન ખાતે લગભગ ૬૫ કરોડ રૂપિયાના ખર્ચે ૯ ઈમારતો બનાવવામાં આવી છે, પરંતુ પોલીસકર્મીઓને મકાનની ફાળવણી ન કરાતા હજારો રૂપિયાનું ભાડું ભરીને રહેવા મજબૂર થયા છે.વડોદરા શહેરમાં આવેલ પ્રતાપનગરમાં ૭ બિલ્ડીંગોમાં આવેલા ૩૩૬ આધુનિક સુવિધાઓથી સજ્જ મકાનોનું બાંધકામ કરવામાં આવ્યું છે.

બીજી તરફ અકોટા પોલીસલાઈનમાં અંદાજે ૭૨ મકાન બનીને તૈયાર થયા છે. ૮ મહિનાથી પણ વધુ સમય થઈ ગયો હોવા છતાં મકાનની ફાળવણી ન કરાતાં પોલીસ કર્મચારીઓને ૬ થી ૮ હજારમાં ભાડેથી મકાન લઈ રહેવું પડે છે. ઓછો પગાર ધરાવતા પોલીસ કર્મીઓને

**પોલીસકર્મચારીઓને જલ્દીથી સુવિધાયુક્ત મકાન મળે તેના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે**

ભાડેથી રહેવા જતાં ઘર ખર્ચ, બાળકોની શાળાની ફી ભરવી, વગેરે સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. તો બીજી બાજુ બંધ આવાસમાં લુખ્ખા તત્વોનો આતંક જોવા મળી રહ્યો છે. શહેર પોલીસ માત્ર નામની હોય તેમ ખાલી ઘરોમાં કબ્જો જમાવી દીધો હોય તેવા દ્રશ્યો જોવા મળ્યાં છે. ડીસીપી એડમિને જણાવ્યું હતું કે પ્રતાપનગર અને અકોટામાં બનેલા મકાનોમાં હજુ પણ થોડું કામ બાકી છે. અમે આ અંગે ગુજરાત હાઉસિંગ બોર્ડને જાણ કરી દીધી છે. પોલીસકર્મચારીઓને જલ્દીથી સુવિધાયુક્ત મકાન મળે તેના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

સુરત હિટ એન્ડ રન

# ટેમ્પોચાલકે માતા સામે જ દીકરાને કચડ્યો, બે વર્ષના બાળકનું ઘટનાસ્થળે જ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ગુજરાતમાં અકસ્માતની ઘટનાઓમાં સતત ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. સુરતમાં પણ આવો અન્ય એક કિસ્સો સામે આવ્યો છે. જ્યાં પેપર મીલમાં કામ કરતાં મહિલાના બાળકને પોતાની આંખ સામે એક ટેમ્પોચાલકે કચડી નાંખ્યો અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. સમગ્ર મામલે પરિવારમાં શોકનો માહોલ છે. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, સુરતમાં ગુરૂવારે (૨૦ માર્ચ) ટેમ્પોચાલક બે વર્ષના નાનકડાં બાળકને કચડીને ફરાર થઈ ગયો છે. સુરત ચૈંઢઝ વિસ્તારમાં રોડ નંબર ૧૩ પાસે પેપરમીલ ખાતે મહિલા કામ કરતી હતી. મહિલા પોતાના બાળકને વ્યવસ્થિત જગ્યાએ સૂવડાવીને કામ કરી રહી હતી. એવામાં પેપરમીલનો જ ટેમ્પોચાલક આવ્યો અને બાળકને કચડીને ત્યાંથી ફરાર થઈ ગયો. સામેથી તેની માતા ટેમ્પોચાલકને બૂમો પાડતી દોડીને આવી ત્યાં સુધી તે ફરાર થઈ ગયો હતો અને તેનું બાળક લોહી લોહાણ હાલતમાં પડ્યું હતું. બાદમાં તાત્કાલિક ધોરણે બાળકને હોસ્પિટલ લઈ જવામાં આવ્યું. પરંતુ, હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ બાળકનું મોત નિપજ્યું હતું. સમગ્ર મામલે સચિન GIDC પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ હાલ ટેમ્પોચાલકને શોધી રહી છે. બાળકના મૃતદેહને હાલ પોસ્ટ મોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. પોતાના વ્હાલસોયાની મોતથી માતા-પિતા રડી-રડીને બેહાલ થયા છે. પરિવારે ટેમ્પોચાલક માટે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ફોટોશુટ કરવાની વાત કરી મળવાનું કહેતા યુવાને સ્ટુડીયોએ બોલાવ્યા હતાં

# ફોટોશુટ નહી કરતાં ફોટોગ્રાફર અને તેના મિત્ર પર હુમલો

### આરોપીની સગાઈના ફોટોશુટનો ઓર્ડર કરવાની ના પાડતાં ૪ શખ્સો સ્ટુડીયો પર આવીને ફોટોગ્રાફર અને તેમના મિત્રને મારકુટ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર શહેરમાં ફોટોગ્રાફરે આરોપીની સગાઈના ફોટોશુટનો ઓર્ડર કરવાની ના પાડતાં ૪ શખ્સો સ્ટુડીયો પર આવીને ફોટોગ્રાફર અને તેમના મિત્રને મારકુટ કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપીને નાશી છુટ્યા પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. જામનગર શહેરના પટેલ કોલોની ગોકુલ ટેનામેન્ટની આગળ રહેતા ફેનીલભાઈ રાજેશભાઈ સૌમૈયા (ઉ.વ.૨૩) નામના યુવાન ફોટોગ્રાફી કરતા હોય અને તેનો ખોડીયાર કોલોનીમાં તસ્વીર નામનો સ્ટુડીયો આવેલો છે. ત્યારે એકાદ મહિના પહેલા આરોપીને ફોન કરતા કામમાં હોવાથી વાત થઈ ન હતી. જેથી ગત તા.૧૭/૨/૨૦૨૫ના રોજ આરોપીએ ફોન કરીને કહેલ કે, તારે સગાઈનું ફોટોશુટ ન કરવું હોય તો ના પાડી દેવાયને તેમ કહીને ફોટોગ્રાફર અને તેની બહેન સાથે ગેરવ્યવહાર કરીને અપશબ્દો બોલવા લાગ્યો હતો.જે બાદ ગત તા.૧૮/૩ના રોજ શખ્સે ફોન કરીને ફોટોશુટ કરવાની વાત કરી મળવાનું કહેતા યુવાને સ્ટુડીયોએ બોલાવ્યા હતાં. આરોપી સાવન, આશીષ, કાંધલ અને હરસુર નામના ૪ શખસો આવ્યા હતા અને યુવાનના મિત્ર કૃષ્ણરાજસિંહને ધક્કો મારતાં થયેલી બોલાચાલીમાં ચારેય શખસોએ ઉશ્કેરાઈ જઈને હુમલો કર્યો હતો. જેથી મામલો સીટી સી ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને પોલીસ ફરિયાદ નોંધાવાતાં પોલીસ ચારેય હુમલાખોરોને શોધી રહી છે.

# વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શનમાં બ્લોકને કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થશે

રાજકોટ ડિવિઝનના વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શનમાં લીલાપુર રોડ-કેસરિયા રોડ સ્ટેશનો વચ્ચે સ્થિત બ્રિજ નંબર ૨૩ માટે હાલના સ્ટીલ ગર્ડરની જગ્યાએ PSC સ્લેબની જોગવાઈનું કામ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા કરવામાં આવશે. આ બ્લોકને કારણે અસરગ્રસ્ત ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ-

૧) ૨૨.૦૩.૨૦૨૫ના રોજ ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલથી ઉપડશે અને વિરમગામ સુધી જશે અને વિરમગામથી તેને ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ તરીકે ચલાવવામાં આવશે.

૨) ૨૨.૦૩.૨૦૨૫ના રોજ ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ વેરાવળથી ઉપડશે અને સુરેન્દ્રનગર સુધી જશે અને સુરેન્દ્રનગરથી તેને ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ તરીકે ચલાવવામાં આવશે.

૩) ૨૧.૦૩.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૬૬૧૪ કોઈમ્બતુર-રાજકોટ એક્સપ્રેસ માર્ગમાં એક કલાક માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

૪) ૨૨.૦૩.૨૦૨૫ ની ટ્રેન નં. ૧૬૩૩૭ ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ માર્ગમાં ૪૦ મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

ટ્રેનના સમય, સ્ટોપેજ અને રચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

આરોગ્યમંત્રીશ્રીની જનહિતલક્ષી પહેલ

# વસ્તીના ધોરણો ઉપરાંત જીઓ સ્પાશિયલ એનાલિસિસ અને આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતરને ધ્યાને લઈ નવીન ૩૪ નવીન P.H.C. ને વહીવટી મંજૂરી આપી

### આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં ૨૧ જિલ્લામાં નવીન ૩૪ P.H.C ની વહીવટી મંજૂરી આપી

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય વ્યવસ્થાઓ વધુ ને વધુ સુદ્રઢ બની રહી છે.

જેને પગલે આજે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં ૨૧ જિલ્લાઓમાં કુલ ૩૪ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (P.H.C) ને વહીવટી મંજૂરી આપી છે.

રાજ્યના ગ્રામ્ય આરોગ્ય માળખાને વધુ સુદ્રઢ અને લોકઉપયોગી બનાવવા આ કેન્દ્રો મહત્વના બની રહેશે તેમ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે કહ્યું હતુ.તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, હાલમાં રાજ્યમાં ભારત સરકારના ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવે છે. જે મુજબ સામાન્ય વિસ્તારમાં ૩૦,૦૦૦ અને આદિજાતિ વિસ્તારમાં ૨૦,૦૦૦ની ગ્રામ્ય વસ્તીએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવે છે.

હાલ રાજ્યમાં ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ કુલ ૧૪૯૯ પ્રા.આ.કેન્દ્રો પુરતા પ્રમાણમાં મંજુર અને કાર્યરત છે.

હાલ આ પ્રાથમિક કેન્દ્રોની મંજૂરીમાં ભૌગોલિક પરિસ્થિતિને આધારે ઉક્ત વસ્તીના ધારાધોરણો ધ્યાને ન લેતા જીઓ સ્પેશિયલ એનાલિસિસના આધારે આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતરને ધ્યાને લઈ કુલ ૩૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. જેથી આવા અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં આરોગ્ય સેવાઓ સુચારૂ રૂપે પુરી પાડી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસર, લેબોરેટરી ટેકનીશીયન, જુનિયર ફાર્માસિસ્ટ, સીનીયર ક્લાર્ક સહિતના અન્ય સ્ટાફની નિમણૂંક કરાય છે.

# ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસને ૨૩ માર્ચ ૨૦૨૫થી પ્રાયોગિક ધોરણે આણંદ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું

### ટ્રેન નંબર ૨૦૯૦૨ ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ ના મુંબઈ સેન્ટ્રલ અને અમદાવાદ સ્ટેશનો પર સમય માં પરિવર્તન

મુસાફરોની સુવિધા માટે ૨૩ માર્ચ, ૨૦૨૫ થી પ્રતિષ્ઠિત ટ્રેન નંબર ૨૦૯૦૧/૨૦૯૦૨ મુંબઈ સેન્ટ્રલ - ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસને આણંદ સ્ટેશન પર પ્રાયોગિક ધોરણે વધારાનું સ્ટોપેજ આપવામાં આવી રહ્યું છે. તે જણાવવું યોગ્ય છે કે આણંદ સ્ટેશન પર વધારાના સ્ટોપેજને કારણે મુંબઈ સેન્ટ્રલ અને અમદાવાદ સ્ટેશનો પર ટ્રેન નંબર ૨૦૯૦૨ ના સમયમાં પરિવર્તન થશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, ૨૩ માર્ચ, ૨૦૨૫ થી, ટ્રેન નંબર ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ - ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ આણંદ સ્ટેશન પર ૧૦.૩૮ કલાકે પહોંચશે અને ૧૦.૪૦ વાગ્યે રવાના થશે.એ જ રીતે, ટ્રેન નંબર ૨૦૯૦૨ ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ આણંદ સ્ટેશન પર ૧૫.૩૦ કલાકે પહોંચશે અને ૧૫.૩૨ કલાકે પ્રસ્થાન કરશે. વધારાના સ્ટોપેજને કારણે, અમદાવાદ સ્ટેશન પર ટ્રેનના સમયમાં સુધારો કરવામાં આવ્યો છે. આ ટ્રેન હવે અમદાવાદ સ્ટેશન પર ૧૪.૫૦/૧૫.૦૦ કલાક ને બદલે ૧૪.૪૫/૧૪.૫૫ કલાકે આગમન/પ્રસ્થાન કરશે. સાથે જ, આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન પર ૨૦:૨૫ ને બદલે ૨૦:૩૦ કલાકે પહોંચશે. અન્ય સ્ટેશનો પરના સમયમાં કોઈ ફેરફાર થશે નહીં. વધુ માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### ૨૧ માર્ચ:આંતરરાષ્ટ્રીય વન દિવસ – ૨૦૨૫

# વર્ષ ૨૦૨૫માં વિશ્વ વન દિવસની થીમ "વનો અને ખોરાક" નક્કી કરાઇ

## ગુજરાત સહિત દેશભરમાં 'વિશ્વ વન દિવસ'ની ઉજવણી કરાશે

પર્યાવરણ અને માનવજીવન માટે વનોનું મહત્વ પ્રતિબિંબિત કરવા દર વર્ષે ગુજરાત સહિત વિશ્વભરમાં તા? ૨૧ માર્ચને 'આંતરરાષ્ટ્રીય વન દિવસ' મનાવવામાં આવે છે. આ તારીખને ઉત્તરી ગોળાર્ધમાં વસંત ઋતુની શરુઆત થતી હોવાથી પસંદ કરવામાં આવી છે, જે કુદરતના પુનર્જીવન અને જીવનને જાળવવામાં વનોનું મહત્વ દર્શાવે છે. તે વસંત સંતાપ સાથે પણ સંલગ્ન છે, જ્યારે દિવસ અને રાત્રિના સમય સમાન હોય છે, જે પ્રકૃતિમાં સંતુલનને તથા વનોના પર્યાવરણ અને પ્રકૃતિના સંતુલન જાળવવા માટેના મહત્વને પ્રતીકરૂપે રજૂ કરે છે.

આ વર્ષે ગુજરાત વન વિભાગ દ્વારા રાજ્યભરમાં શાળાના બાળકો, સ્થાનિક લોકો અને **JFMCs** જેવા હિતધારકો સાથે સાયકલ રેલી, કાર્યશાળાઓ અને અન્ય જાગૃતિ કાર્યક્રમો દ્વારા વનોના મહત્વથી લોકોને અવગત કરાવવા માટે અનેક કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યું છે.

વધુમાં આ વર્ષે વિશ્વ વન દિવસની થીમ "વનો અને ખોરાક" એવિનોની ખોરાક સુરક્ષા, પોષણ અને આજીવિકાની પુરવણી માટેની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકે છે. ગુજરાતમાં, કે જ્યાં વૈવિધ્યપૂર્ણ અને સમૃદ્ધ વન પરિપ્રેક્ષ્ય છે, આ વિષય ખાસ મહત્ત્વ ધરાવે છે. કારણ કે, રાજ્યના વનો ગામનાં તથા શહેરનાં લોકો માટે આવશ્યક સાધનો પૂરા પાડે છે. જે ત્યાંની ખોરાક પ્રણાલીઓ, સ્થાનિક અર્થવ્યવસ્થાઓ અને પર્યાવરણીય સ્થિરતામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.ગુજરાતના વનો, જે રાજ્યના જમીન વિસ્તારમાં લગભગ ૧૧% ટકા છે, તે માત્ર જૈવવિવિધતાના હોટસ્પોટ્સ નથી પરંતુ સ્થાનિક ખોરાક પ્રણાલીઓ માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે. નોન-ટીમ્બર વન ઉત્પાદનો **(NTFPs)** જેમ કે ફળ, કંદમૂળ, મધ, મશરૂમ્સ અને ઔષધીય વનસ્પતિઓ ગ્રામ્ય અને આદિવાસી સમુદાયોના આહારનો અભિન્ન ભાગ છે. ખાસ કરીને ડાંગ જેવા જંગલ વિસ્તારોમાં, જ્યાં જંગલમાં રહેતી વસતિ જીવનનિર્વાહ તથા આવક માટે આ સાધનો પર અવલંબિત છે. ઉદાહરણ તરીકે, જંગલમાંથી એકત્રિત કરવામાં આવેલ મધ આદિવાસી સમુદાય માટે મુખ્ય આવક સ્ત્રોત છે, જ્યારે જંગલી ફળો તેમના પોષણને પૂરક કરે છે, જે વૈવિધ્યપૂર્ણ અને ટકાઉ ખોરાક પુરવઠો પ્રદાન કરે છે. ખોરાક પ્રદાન કરવા ઉપરાંત ગુજરાતના વનો જમીનની ફળદ્રુપતાની જાળવણી તથા જળ-સંચાલન અને પોલિનેશન દ્વારા આસપાસના વિસ્તારની કૃષિ ઉત્પાદકતા વધારવામા મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. ડાંગ અને સૌરાષ્ટ્ર જેવા પર્વતીય વિસ્તારોમાં, વનો જમીનનુ ખવાણ અટકાવે છે અને કૃષિ માટે યોગ્ય જમીન સુનિશ્ચિત કરે છે. વધુમાં, આ વનો ભૂગર્ભજળને પુનઃચાર્જ કરવામાં સહાય કરે છે, જે કૃષિ અને દૈનિક જરુરીયાત માટે પાણીની ઉપલબ્ધતા પ્રદાન કરે છે. કચ્છ જેવા સૂકા વિસ્તારમાં, વનોનુ સંરક્ષણ પાણીની ઉપલબ્ધિ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. જે કૃષિ સમુદાયોને દુષ્કાળ અને પર્યાવરણીય પડકારો માટે વધુ સ્થિતિસ્થાપક બનાવે છે. ગુજરાતના વનો ટિમરૂના પાંદડા, મહુડાના ફૂલો, મહુડાના બીજ, ગુંદર, કેસુડાના ફૂલો અને વિવિધ ઔષધીય છોડ જેવી નાના વન ઉત્પાદનો **(MFP)** એકત્ર કરનાર સ્થાનિક ગ્રામ્ય સમુદાયોની આજીવિકા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ **MFPs** સ્થાનિક અર્થવ્યવસ્થાઓ માટે અત્યંત મહત્વપૂર્ણ છે, કેમકે તે જીવન માટે ટકાઉ આવક પ્રદાન કરે છે. ઉદાહરણ તરીકે, ટિમરૂના પાંદડા બીડી બનાવવા માટે ઉપયોગી થાય છે. મહુડાના ફૂલો પરંપરાગત પીણાં અને સ્થાનિક મીઠાઈઓમાં ઉપયોગમાં લેવાય છે, જ્યારે મહુડાના બીજનુ તેલ મૂલ્યવાન છે. ગુંદર અને કેસુડા ફૂલોના વિવિધ ઔધોગિક અને ઔષધીય ઉપયોગ છે. આ ઉપરાંત, વાંસ દક્ષિણ ગુજરાતની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જ્યાં તેનો ઉપયોગ બાસ્કેટ, ચટાઈ અને ફર્નિચર વગેરે બનાવવામાં થાય છે.આ વર્ષની આંતરરાષ્ટ્રીય વન દિવસની થીમને અનુરૂપ, ગુજરાત સરકાર વિવિધ એન.જી.ઓ અને સ્થાનિક સમુદાયોના સહયોગથી, વૃક્ષારોપણ અભિયાન, વિવિધ જાગૃતિ અભિયાનો અને કાર્યશાળાઓ દ્વારા વન સંરક્ષણ અને તેના ટકાઉ ઉપયોગને પ્રોત્સાહિત કરી રહી છે. ગુજરાત વન વિભાગ સુચારુ વન વ્યવસ્થાપન માટે આપણા પરંપરાગત જ્ઞાનને આધુનિક સંરક્ષણ તકનીકીઓ સાથે સંકલિત કરે છે જેથી આપણા વનો લોકોને તથા પ્રકૃતિને મદદરૂપ થઈ શકે.

જ્યારે ગુજરાત આંતરરાષ્ટ્રીય વન દિવસ ઊજવી રહ્યું છે ત્યારે આપણા વનો કે જે ટકાઉ જીવનશૈલી પ્રોત્સાહિત કરે છે તેના મહત્વને સ્મૃતીમા સ્થાન આપવું જોઈએ. જેમ વસંત ઋતુ પુનર્જીવન અને વૃદ્ધિનું પ્રતિક છે, તેમ વનો શુદ્ધ વાયુ, પાણી અને જરૂરી સ્રોતો પુરા પાડી પર્યાવરણીય પુનર્જીવન માટે કારકરૂપ બને છે.

## રાજુલામાં સિંગર બનાવવાની લાલચ આપી યુવતી પર દુષ્કર્મ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલીના રાજુલામાં સિંગર બનાવવાની લાલચ આપી યુવતી પર દુષ્કર્મ આચર્યાની ઘટના સામે આવી છે. ગીર સોમનાથ જિલ્લાની યુવતીનો આરોપ છે કે, 'મહેશ ઝાખરા નામના વ્યક્તિએ શુટિંગના બહાને રાજુલા અને અમદાવાદ સહીત અલગ અલગ જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચર્યુ હતું'. સમગ્ર ઘટના મુદ્દે યુવતીએ રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તો પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે.

યુવતીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, આરોપી મહેશ ઉર્ફે જાની હરિશંકર ઝાખરાએ યુવતીને સિંગર બનાવવાની લાલચ આપી હતી અને અમદાવાદ અને રાજુલાના એક રહેણાંક મકાનમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. યુવતીની મરજી વિરુદ્ધ આ કૃત્ય અનેકવાર કરવામાં આવ્યું હતું. આરોપીએ યુવતીની નગ્ન હાલતમાં તસવીરો ખેંચી તે વાઈરલ કરવાની ધમકી આપી હતી. સાથે જ યુવતી અને તેના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.યુવતી દ્વારા રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવામાં આવી છે અને પોલીસે આરોપી મહેશભાઈ ઝાખરાને પકડવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

## પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન ભાવનગર મંડળની અધ્યક્ષા દ્વારા નિબંધ અને ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવ્યા






વેસ્ટર્ન રેલવે વુમન વેલ્ફેર ઓર્ગેનાઈઝેશન **(WRWWO)**, ભાવનગર ડિવિઝન દ્વારા સંચાલિત કિડ્સ હટ અને બાલ મંદિર તથા **PM** શ્રી કેન્દ્રીય વિદ્યાલય ભાવનગરપારાનાં વિદ્યાર્થીઓ વચ્ચે સપ્ટેમ્બર-૨૦૨૪માં ચિત્ર અને લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઘણા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૨૦ માર્ચ, ૨૦૨૫ (ગુરુવાર) ના રોજ રેલવે ઓફિસર્સ ક્લબ ભાવનગર પરા ખાતે આયોજિત એક કાર્યક્રમમાં, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન **(WRWWO)**, ભાવનગર મંડળની અધ્યક્ષા શ્રીમતી સંતોષીજીએ વિજેતાઓને મેડલ, પ્રશસ્તિપત્ર અને ગિફ્ટ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. તમામ બાળકોને ત્રણ ગ્રૂપમાં વિભાજિત કરવામાં આવ્યો હતો, જેમાંથી તમામ ગ્રૂપમાંથી કુલ ૩૦ બાળકોને ઈનામ આપવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં વેસ્ટર્ન રેલવે વુમન વેલ્ફેર ઓર્ગેનાઈઝેશન **(WRWWO)**, ભાવનગર ડિવિઝનના ઉપાધ્યક્ષા શ્રીમતી મોનિકા શર્મા અને અન્ય મહિલા પદાધિકારીઓ સાથે સ્પર્ધામાં વિજેતા બાળકોના વાલીઓ હાજર રહ્યા હતા.

### હરિયાણાના ગુરુકુળ, કુરુક્ષેત્રમાં 'શિક્ષા ઉત્સવ'નું ભવ્ય આયોજન

## ગુરુકુળ શિક્ષણ પ્રણાલી દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ શક્ય છે: રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



ગુરુકુલ કુરુક્ષેત્ર, હરિયાણા દ્વારા 'ગુરુકુલ શિક્ષા ઉત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હજારો માતા-પિતાએ તેમના બાળકો સાથે ભાગ લીધો હતો. આ પ્રસંગે ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પ્રાચીન સમયમાં ઋષિ-મુનિઓ ગુરુકુળના માધ્યમથી બાળકોને શિક્ષણ આપવાની સાથે ચારિત્ર્ય ઘડતર પણ કરતા હતા. ગુરુકુલ શિક્ષણ પ્રણાલી માત્ર જ્ઞાન આપવા પુરતી મર્યાદિત નથી, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસમાં મદદ કરે છે.

રાજયપાલશ્રીએ વધુમાં કહ્યું કે, આધુનિક શિક્ષણ પ્રણાલીએ યુવાનોને ડોકટર, એન્જિનિયર અને અન્ય પ્રતિષ્ઠિત ક્ષેત્રોમાં સફળ બનાવ્યા છે, પરંતુ સમાજમાં નૈતિક મૂલ્યોનો અભાવ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. વૃદ્ધાશ્રમોની વધતી સંખ્યા આ સ્થિતિનો બોલતો પુરાવો છે. ગુરુકુળોમાં વિદ્યાર્થીઓને પરંપરાગત મૂલ્યો અને સંસ્કારોનું શિક્ષણ આપવામાં આવે છે, જે તેમને જવાબદાર નાગરિક બનાવે છે. તેઓ માતા-પિતાની સેવા અને સન્માન કરે છે. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ બાળકોમાં મોબાઈલના વ્યસનને માતા-પિતા માટે સૌથી મોટો પડકાર ગણાવીને યુવાનોમાં નશાના વ્યસનના વધતા જતા વલણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, બાળકોને સંસ્કારી બનાવવા અને તેમને માનવીય મૂલ્યોથી સજ્જ કરવા એ સમાજની સામૂહિક જવાબદારી છે. ગુરુકુળોમાં 'સેવા, સુરક્ષા, શિક્ષણ અને મૂલ્યો'ના સિદ્ધાંત પર કાર્ય કરવામાં આવે છે, જેના કારણે અહીંના વિદ્યાર્થીઓ દરેક ક્ષેત્રમાં અગ્રેસર રહે છે.

ડૉ. રાજેન્દ્ર વિદ્યાલંકરે જણાવ્યું હતું કે, આ વર્ષે ગુરુકુલ કુરુક્ષેત્રના ૧૦ વિદ્યાર્થીઓ અને ગુરુકુલ જ્યોતિસરના ૪ વિદ્યાર્થીઓ **NDA**માં પસંદ થયા છે, જ્યારે ઘણા વિદ્યાર્થીઓને **IIT**માં પ્રવેશ મળ્યો છે. તેમણે કહ્યું હતું કે, ગુરુકુળ શિક્ષણ પ્રણાલી બાળકોના ઉજ્જવળ ભવિષ્યની ગેરંટી છે.

આ કાર્યક્રમમાં ગુરુકુલ કુરુક્ષેત્રના ડાયરેકટર બ્રિગેડિયર ડૉ. પ્રવીણ કુમાર, ગુરુકુલ નિલોખેડીના શિવકુમાર આર્ય, અર્જુનદેવ આર્ય, ગુરુકુલ જ્યોતિસરના આચાર્ય સચિન આર્ય અને આર્યકુલમ નિલોખેડીના આચાર્ય દિનેશ રાણા સહિતના મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# યુપી ના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બનશે કે દેશના સંરક્ષણ મંત્રી ? શું તેઓ યુપીના મુખ્યમંત્રી પદ છોડશે ?

પ્રતિનિધિ,ગાંધીનગર



ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ રાજયના મુખ્યમંત્રી પદ છોડવા જઈ રહ્યા છે, તેઓ ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ અથવા દેશના નવા સંરક્ષણ મંત્રી બની શકે છે, છેલ્લા બે દિવસથી રાજકીય ક્ષેત્રે આ ચર્ચા ખુબ જ ગરમ ચાલી રહી છે,

એવુ કહેવામાં આવી રહ્યુ છે કે આરએસએસએ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે સંજય જોશીનુ નામ રજુ કર્યુ હતુ, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ કયારેય સંજય જોશીના ના નામથી સમંત ન હતા. જેના કારણે સંજય જોશીને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવાની સંઘની યોજના સફળ દેખાતી નથી, એવુ કહેવામાં આવી રહ્યુ છે કે સંઘે પોતાની નવી રણનીતી હેઠળ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને ભારતીય જનતા પાર્ટીના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવાનો નિર્ણય લીધો છે, બે દિવસ બાદ બેંગાલુરૂ માં યોજાનારી સંઘની મોટી પરીષદમાં આ અંગે ઔપચારીક પ્રસ્તાવ આપી શકાય છે,

સુત્રોના કહેવા પ્રમાણે સંઘ સંજય જોશી અથવા યોગી આદિત્યનાથમાં થી કોઈ એકને નવા રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવા માંગે છે, સંઘનુ માનવુ છે કે જે રીતે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ કટ્ટર હિન્દુત્વના ચહેરા તરીકે ઉભરી આવ્યા છે તે જોતા ભારતીય જનતા પાર્ટીની કમાન યોગીને સોપવી લાંબા ગાળે ભાજપ અને સંઘ માટે ફાયદાદારક સાબિત થઈ શકે છે, ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ યોગીના નામ પર સહમત થાય તેવી શકયતાઓ પણ ઓછી માનવામાં આવી રહી છે, આવી સ્થિતિમાં એવી પણ ચર્ચા છે કે જો સંજય જોશી અને યોગીના નામ પર મતભેદ થાય છે તો સંઘ કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ ને નવા રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવી શકે છે. ત્યારબાદ યોગી આદિત્યનાથને તેમના સ્થાને દેશના નવા સંરક્ષણ મંત્રી બનાવી શકાય છે. નવા રાષ્ટ્રીય અધ્યક્ષની રેસ માં કેન્દ્રીય કૃષી મંત્રી શિવરાજસિંહ ચૌહાણ પણ સંઘની મુખ્ય પસંદગી છે. ગમે તે હોય ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ કોણ બનશે તે ભવિષ્યના ગર્ભમાં છે. પરંતુ છેલ્લા બે દિવસથી રાજકીય ક્ષેત્રે યોગીના નામની જે રીતે ચર્ચા થઈ રહી છે તેનાથી ઉત્તર પ્રદેશના રાજકારણમાં ચોકકસ ગરમાવો આવ્યો છે. આગામી થોડા દિવસોમાં ભારતીય જનતા પાર્ટીનુ રાજકારણ કયો વળાંક લેશે અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ કોણ બનશે તેના પર બધાની નજર છે. હાલમાં રાજકીય વાતાવરણ ચોકકસ ગરમાયુ છે.

# અમદાવાદ મંડળ પર આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉત્સાહપૂર્વક મનાવવામાં આવ્યો




પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળ માં મહિલા કર્મચારીઓ માટે આયોજિત વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૫ ખૂબ જ ઉત્સાહ અને ઉલ્લાસ સાથે મનાવવામાં આવ્યો. આ સમારોહ નું સમાપન મંડળ ના વિવિધ વિભાગોની અનેક મહિલા કર્મચારીઓ ને તેમના સતત પરિશ્રમ, સમર્પણ અને રેલ્વે માં યોગદાન આપવા બદલ સન્માનિત કરીને કરવામાં આવ્યું. આ વર્ષના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અભિયાન નો વિષય "કાર્યવાહી માં તેજી : એક્સિલરેટ એક્શન" છે. આ કાર્યક્રમ દરમિયાન, મંડળ કાર્યાલયમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, સિંગિંગ, ડાન્સ,ક્વિઝ, કવિતા અને શાયરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન એપોલો હોસ્પિટલના ડૉ. પ્રિયંકા શ્રીવાસ્તવ એમબીબીએસ, એમડી મેડિસિને, મહિલા સ્વાસ્થ્ય પર આયોજિત સેમિનારમાં મહિલાઓને લગતા કેન્સર પર વ્યાખ્યાન આપ્યું. આ દરમિયાન એપોલો હોસ્પિટલના ડૉ. પ્રિયંકા શ્રીવાસ્તવ એમબીબીએસ, એમડી મેડિસિને, વુમન હેલ્થ પર આયોજિત સેમિનારમાં મહિલાઓને લગતા કેન્સર પર વ્યાખ્યાન આપ્યું હતું.

કાર્યક્રમમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમદાવાદ થી હાજર રહેલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી પ્રતાપ સિંહ ઝાલાએ તમામ મહિલાઓને સાયબર ક્રાઈમ વિશે માહિતી આપી હતી.ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ માહિતી આપતાં, જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં, મહિલાઓ પોતાની જાતને એવી રીતે પ્રદર્શિત કરવા માં સક્ષમ થઈ છે કે લોકોની માનસિકતા સમાજમાં મહિલાઓ દ્વારા કરવામાં આવતા કાર્યને ઓળખવા માટે બદલાવા લાગી છે. તે મહિલાઓના અધિકારો, યોગદાન, શિક્ષણ અને તેમની કારકિર્દીની તકો વગેરે વિશે જાગૃતિ લાવવા માટે ઉજવવામાં આવે છે. અમદાવાદ મંડળ પર પણ મહિલા રેલ્વે કર્મચારીઓ સંપૂર્ણ રીતે પુરુષ કર્મચારીઓની સાથે ઉત્તમ કાર્ય કરી રહી છે. ટ્રેનો ચલાવવાથી લઈને ભારે થી ભારે કાર્યો સક્ષમ રીતે કરી રહી છે.

આ પ્રસંગે પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંગઠન અમદાવાદના પ્રમુખ શ્રીમતી સંગીતા શર્માએ જણાવ્યું હતુ કે ભારતીય સમાજમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં મહિલાઓની ભૂમિકા હંમેશા ખૂબ જ મહત્વપૂર્ણ રહી છે. આપણે પરિવારની વાત કરીએ કે સમાજની, રાજકારણની વાત કરીએ કે અર્થતંત્રની, સ્ત્રીઓ દરેક જગ્યાએ પોતાની ભૂમિકા ખૂબ જ સારી રીતે ભજવી રહી છે. આજે દુનિયામાં એવું કોઈ ક્ષેત્ર નથી જ્યાં મહિલાઓએ પોતાને સાબિત ન કર્યું હોય; મહિલાઓએ દરેક ક્ષેત્રમાં પોતાની પ્રતિભા સાબિત કરી છે.

આ કાર્યક્રમ દરમિયાન, શ્રીમતી સંગીતા શર્માએ મંડળ પર કાર્યરત કુલ ૩૪ મહિલા કર્મચારીઓને તેમના દ્વારા કરવામાં આવેલા ઉત્કૃષ્ટ કાર્ય બદલ મોમેંટો અને પ્રમાણપત્રો આપીને સન્માનિત કર્યા.

વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી સિદ્ધાર્થના માર્ગદર્શન અને કર્મચારી લાભ નિધિ ના સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કર્મચારી લાભ નિધિ ના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૩૦૦ થી વધુ મહિલા કર્મચારીઓ હાજર રહી હતી.

## વડોદરાના ગેંડા સર્કલ નજીક એટ્લાન્ટિક્સ કોમ્પ્લેક્સમાં આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા


રાજકોટ બાદ વડોદરામાં પણ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા એટ્લાન્ટિક કોમ્પ્લેક્સમાં ૧૯ માર્ચની મોડી રાત્રે આગ નો બનાવ બનવા પામ્યો હતો. ઘટનાની જાણ થતાં તાત્કાલિક વડીવાડી ફાયર સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. શોર્ટ સર્કિટના કારણે આગ લાગ્યાનું કારણ સામે આવ્યું છે. વડોદરા શહેરના ગેંડા સર્કલ નજીક એટ્લાન્ટિક્સ કોમ્પ્લેક્સમાં આગ લાગી હોવાની ફાયર વિભાગને જાણ થતાં ટીમ પહોંચી ઘટનાસ્થળે આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

માહિતી મુજબ, આ બિલ્ડિંગમાં કન્સલ્ટન્સી કંપનીમાં કામ કરતા ઘણા કર્મચારીઓ હાજર હતા, જોકે તમામનો જીવ બચી ગયો હતો. આગમાં કેટલાક કેબલો બળી ગયા હતા. અગાઉ ધૂળેટીના દિવસે રાજકોટમાં સવારે ૧૦ વાગ્યાની આસપાસ છઠ્ઠા માળે અચાનક આગની ઘટના બનવા પામી હતી. આ દુર્ઘટનામાં બે ડિલિવરી બોય સહિત ૩નાં મોત નિપજ્યાં હતા.

AHMEDABAD MUNICIPAL CORPORATION
MAHANAGAR SEVA SADAN
NORTH ZONE
E-Tender Notice 10/2024-25 (Naroda ward-subzone NZ)
Tender for Road,water,drainage & buildeing reparingm" works of naroda ward North Zone

| | | |
|---|---|---|
| ઓન લાઈન ટેન્ડરભરવાની છેલ્લી તારીખ તથા સમય | 22.04.2025 | સમય સાંજે ૫.૦૦.વાગ્યા સુધી |
| ટેન્ડર ડોક્યુમેન્ટ ,ઇ.એમ.ડી અને અન્ય પુરવા જમા કરાવવાની છેલ્લી તારીખ તથા સમય | 23.04.2025 | સમય સાંજ ૫.૦૦ વાગ્યા સુધી |
| ઇ-ટેન્ડરના બીડ ટેન્ડર નંબર-૧ થી ૩૬ ખોલવાની તારીખ | 24.04.2025 | સમય સવારે ૧૧.૦૦ વાગ્યે |
| Details of Tender available on | www.ahmedabadcity.gov.in<br>www.amc.nprocure.com<br>www.nprocure.com | |

DY.Municipal commissioner (N.Z)



# ગાંધીનગર મહાત્મા મંદિરને ગમે ત્યારે તાળા લાગી શકે છે: ગાંધીનગરમાં મહાત્મા મંદિરનુ ૨.૩૨ કરોડ રૂપીયાનુ ભાડુ બાકી ગમે ત્યારે મહાત્મા મંદિરને તાળા લાગશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં મહાત્મા મંદિર ધોળાહાથી સમાન સાબિત થઈ રહયો છે. ખુદ સરકારે સ્વીકાર્યુ છે કે ૨.૩૨ કરોડ રૂપીયા જેટલી માતબર રકમ ભાડા પેટે વસુલવાની બાકી છે, કરોડો રૂપીયા ભાડુ બાકી હોવા છતાંય સરકાર ગલ્લા તલ્લા કરી સમય વ્યતીત કરી રહી છે,

મહાત્મા ગાંધીના જીવન અને ફીલસુફીથી પ્રેરીત આ મંદિરને કોઈપણ સમયે તાળા લાગી શકે છે, વિધાનસભામાં મહાત્મા મંદિરનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. વિપક્ષે આરોપ લગાવ્યો હતો કે મહાત્મા મંદિર માં થી ૨.૩૨ કરોડ રૂપીયા નુ ભાડુ વસુલવાનુ બાકી છે, વિધાનસભામાં મહાત્મા મંદિરનો મુદ્દો ઉઠાવતા વિપક્ષે સરકારને સવાલ કર્યો હતો કે મહાત્મા મંદિરનું કરોડો રૂપીયાનુ ભાડુ બાકી છે ત્યારે શું સરકાર જાણી જોઈને તેને વસુલવામાં ઢીલ કરી રહી છે ? સામાન્ય રીતે, જો કોઈ પક્ષ કેન્દ્રને ભાડે આપવા માગે છે તો તેણે એડવાન્સ રકમ ચુકવવી પડે છે. પરંતુ અહીં આવુ કઈ નથી, આશંકા વ્યકત કરવામાં આવી રહી છે કે મહાત્મા મંદિરની જાળવણી એટલી વધારે છે કે ગમે ત્યારે તેને તાળા લાગી શકે છે.

વિપક્ષનુ કહેવુ છે કે મહાત્મા મંદિરનો ઉપયોગ માત્ર સરકારની ખુશામત કરવા માટે થઈ રહ્યો છે,

કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશન માટે એડવાન્સ રકમ ચુકવવાની તૈયારી દર્શાવી હોવા છતાં મહાત્મા મંદિર ભાડે અપાયુ ન હતું , તો બીજી તરફ મહાત્મા મંદિરનુ છેલ્લા ૩ વરસમાં બાકી ભાડુ રૂપીયા ૩,૩૩,૭૨,૦૭૬ કરોડ હતુ, સરકારે દાવો કર્યો હતો કે એક વરસમાં રૂપીયા ૧.૦૧ કરોડનુ ભાડુ વસુલ કરવામાં આવ્યુ હતુ, જો કે રૂપીયા ૨.૩૨,૭૨,૦૭૬ કરોડ ભાડુ જ હજુ



બાકી છે, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સરકારે પોતે સ્વીકાર્યુ છે કે ભાડા તરીકે રૂપીયા ૨.૩૨ કરોડની મોટી રકમ બાકી છે, લાખો રૂપીયાનુ ભાડુ બાકી હોવા છતાં સરકાર નાની નાની બાબતોમાં સમય વેડફાય છે.

લુખ્ખા તત્વોને કાયદાનો ડર રહ્યો નથી

# હાથમાં હથિયાર સાથે પોલીસને પડકાર ફેંકતો વધુ એક વિડીયો વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર

સોશીયલ મીડીયામાં રોફ જમાવવા માટે આજકાલના યુવાનો વિવિધ હરકતો કરતા હોય છે. યુવાનો ટોળા બનાવીને જાહેર માર્ગો પર રીલ્સ ધમકીઓ આપતા જોવા મળતા હોય છે, જન્મ દિવસ પર હથિયાર થી કેક કાપતા હોય છે, વાહનો લઈને સ્ટંટ બાજી કરતા પણ યુવાનો જોવા મળી રહ્યા છે. આવી ઘટનાઓની સમાજ પર ખરાબ અસર પડી રહી છે, ત્યારે વધુ એક આવી ઘટના સોશીયલ મીડીયામાં વાયરલ થઈ રહી છે.



મળતી માહિતી મુજબ સુરતમાં અસામાજિક તત્વોએ સોશીયલ મીડીયામાં લાઈવ કરીને પોલીસને પડકાર ફેંકયો છે જેમાં પોલીસની કામગીરી સામે ચેલેન્જ આપતો વિડીયો વાયરલ થયો હતો, આ વિડીયો સુરતના અમરોલી વિસ્તારનો વિડીયો હોવાનુ જાણવા મળી રહ્યુ છે જેમાં અતુલ પાંડે નામથી ઈન્સ્ટ્રાગ્રામ આઈડી પર લાઈવ કરી હથિયાર બતાવવામાં આવ્યા હતા. ત્યારે આ વિડીયોને લઈ લોકોમાં રોષ જોવા મળ્યો છે. તો બીજી તરફ નવયુવાનો દ્વારા ચપ્પુ બતાવી લોકો માં રોફ ફેલાવતો વિડીયો સામે આવતા આની સામે કડક પગલા ભરવાની માંગ કરવામાં આવી છે.

અમદાવાદ બાદ હવે ગોંડલ બન્યુ યુપી બિહાર

# ગોંડલ માં સગીરને માર મારનારાઓનો શનિવાર સુધીમાં વરઘોડો નહી કઢાય તો શહેર અડધો દિવસ બંધ પાળશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગોંડલ માં સંગ્રામસિંહ હાઈસ્કુલના મેદાનમાં સગીર ને ૩ શખ્સોએ ધોકા વડે માર માર્યાની ઘટનાના પાટીદાર સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ગઈ કાલે સવારે મોટી સંખ્યામાં એકઠા થઈ પાટીદારોએ પ્રાંત કચેરીએ આવેદન પત્ર આપ્યા બાદ રાત્રીના જેલ ચોક પટેલવાડી ખાતે પાટીદાર સમાજની મીટીંગનુ આયોજન કરાયુ હતુ જેમાં મોટી સંખ્યામાં પટેલ સમાજ ઉપસ્થિત રહ્યો હતો.

આ મીટીંગમા પાટીદાર આગેવાનોએ હુંકાર કર્યો હતો કે છેલ્લે સુધી લડી લઈશુ, પીછે હઠ કરવામાં આવશે નહી. ગાંધીનગર સુધી જવાની લડત આપીશુ, વધુમાં પકડાયેલા આરોપીઓનો જાહેરમાં



વરઘોડો કાઢી સરભરા કરવા માંગ કરાઈ હતી. પાટીદારોએ કહ્યુ હતુ કે શનિવાર સુધીમાં પોલીસ તંત્ર દ્વારા માંગ પુરી નહી કરાય તો અડધો દિવસ ગોંડલ બંધ પાડી વિરોધ કરાશે તેવુ તેમણે જણાવ્યુ હતું. ગોંડલ કોલેજ ચોકમાં સગીરને માર માર્યાની ઘટનાના સમર્થનમાં પાટીદાર સમાજ એક મંચ પર આવ્યો છે. મીટીંગમાં રાજેશભાઈ સખીયાએ જણાવ્યુ હતુ કે આ અન્યાય સામે લડત કરવાની વાત છે. આ આરોપીઓ અનેક ગુન્હા કરે છે.આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારને બળ કયાંથી મળે છે. એ સૌને ખબર છે આજે વિનુભાઈ શીંગાળા ની પુણ્યતીથી છે. છે કોઈની તાકાત કેમ મારી નાખ્યો એ જાણવાની ? સાટોડીયા પરીવાર પર આ હાથ નાખ્યો છે, મયુરસિંહ દિલીપસિંહ ઝાલા તથા દર્શનસિંહ દિલીપસિંહ ઝાલા એક વાર નાગડકાના પાદરમાંથી નિકળી બતાવે તેઓ પડકાર સખીયાએ ફેંકયો હતો. પોલીસ સ્ટેશનનો ઘેરાવ કરી બતાવીશુ, તેવુ વધુમાં જણાવી પોલીસના પાપે આ ગુંડાગીરી વધી છે.

ગોંડલના પોલીસ જ મોટા આરોપી છે, એક છાપ ઉભી કરવાની છે લેઉઆ પટેલ સમાજના યુવાન પર હાથ ઉપાડવો હોય તો વિચારવુ પડે તેવુ રાજેશભાઈ સખીયાએ જણાવ્યુ હતું. પટેલ સમાજના આગેવાન જગદીશભાઈ સાટોડીયાએ જણાવ્યુ હતુ કે લુખ્ખા તત્વોને જાહેરમાં સરભરા કરવી જોઈએ, વરઘોડો કાઢવો જોઈએ, ગુજરાત સરકાર પર લુખ્ખાતત્વોનો જાહેરમાં વરઘોડાની વાત કરી રહી છે. કલમમાં ૩૦૭ ની કલમ નો ઉમેરો કરવો જોઈએ, વધુમાં તેમણે કહ્યુ કે બંને આરોપીઓએ લુણીવાવ માં સરકારી જમીન પર દબાણ કર્યુ છે તે માટે લેન્ડ ગ્રેબિંગનો ગુન્હો દાખલ કરવો જોઈએ. પિન્ટુ સાટોડીયાએ જણાવ્યુ હતુ કે શનિવાર સુધીમાં આ કાર્યવાહી નહી થાય તો આગામી અડધો દિવસ ગોંડલ બંધ કરવાનુ એલાન અપાશે.

પાટીદાર સમાજની મીટીંગના પગલે ગોંડલમાં માહોલ ગરમ બન્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગોંડલમાં ગત મંગળવારની સાજે સંગ્રામસિંહ હાઈસ્કુલના મેદાનમાં હનુમાનજી મંદિર પાસે ૩ શખ્સો દ્વારા ભગવતપરા માં રહેતા સગીર ને ધોકા વડે બેરહમ માર મારી વચ્ચે પડેલા તેના પિતા તથા માતાને પણ માર મારતા ઈજાગ્રસ્ત સગીરને સારવાર માટે ખસેડાયો છે. બનાવ અંગે બી ડીવીઝન પોલીસે ફરીયાદ નોંધી છે.

# ગુજરાતમાં આગામી વરસે ૨ હજાર થી વધુ નવી એસટી બસો માર્ગ ઉપર દોડતી દેખાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય વિધાનસભા ગૃહ માં રજુ કરાયેલી વાહન વ્યવહાર વિભાગની રૂપીયા ૩૫૭૯ કરોડની અંદાજ પત્રીય માંગણીઓ બહુમતીથી પસાર કરાઈ હતી.

આ તબકકે વાહન વ્યવહાર રાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતુ કે ગુજરાત રાજય માર્ગ પરીવહન નિગમ દ્વારા સંચાલિત એસટી બસોને કોમનમેન શાહી સવારી સાબિત થઈ રહી છે. રાજય સરકાર દ્વારા પ્રતિમાસ ૨૦૦ નવી બસ એટલે કે દરરોજ ૬ નવી એસટી બસો નાગરીકોની સેવામાં કાર્યરત કરવામાં આવે છે. માત્ર છેલ્લા ૧૪ માસ માં ૨૯૮૭ નવી બસો પ્રજાની સેવામાં મુકી છે. (અનેક નવા રૂટ પણ શરૂ કરાયા છે) આગામી વરસે પ્રજાની સેવામાં નવી ૨ હજાર થી વધુ એસટી બસો કાર્યરત કરાશે, નવી બસો સંચાલનમાં મુકવાથી અગાઉ દૈનિક ૨૫ લાખ મુસાફરો જીએસઆરટીસીની બસોનો લાભ લેતા હતા. તેમાં દૈનિક ૨ લાખ મુસાફરોનો ઐતિહાસિક વધારો થતા હવે દૈનિક ૨૭ લાખ મુસાફરો આ સેવાનો લાભ લે છે. મંત્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યુ હતુ કે આગામી વર્ષમાં ૨૦૦ નવી પ્રિમિયમ બસ શરૂ કરવા માટે રૂપીયા ૩૬૦ કરોડની જોગવાઈ કરી છે. આ બસોના માધ્યમથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, પોલો ફોરેસ્ટ, ગીર રણોત્સવ જેવા પ્રવાસન સ્થળોને આવરી લેતુ ટુરીઝમ સર્કિટ શરૂ કરાશે, એસટી નિગમની વિવિધ કક્ષામાં એક જ વર્ષમાં ૭૩૨૬ જગ્યા માટે ભરતી પ્રકીયા હાથ ધરવામાં આવી છે. જેમાં કલાર્ક કક્ષામાં ૨૬૪ ઉમેદવારોને નિમણુંક અપાઈ છે.

કંડકટર કક્ષામાં ૨૩૨૦ ઉમેદવારોને આગામી ૧૫ દિવસમાં નિમણુંક અપાશે. મીકેનિક કક્ષામાં ૧૬૫૮ પોસ્ટ માટે જાહેરાતની કામગીરી અને ૩૦૮૪ ડ્રાઈવરની પોસ્ટ માટે પરીક્ષાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# ગુજરાત સરકારે ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરી : ૨.૭૩ લાખથી વધુ ખેડુતો પાસેથી ૧૨.૨૩ લાખ મેટ્રીક ટન મગફળી ટેકાના ભાવે ખરીદી

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના સાશન ધુળા સંભાળી ત્યારથી ખેડુતોની આવક બમણી કરવાનો સંકલ્પ કર્યો છે. ખેડુતોને તેમના પાકના પુરતા ભાવ મળી રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪ થી ખેડુતો પાસેથી વિવિધ જણસી ટેકાના ભાવે ખરીદવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ આ માટે ભારત સરકાર દ્વારા કુલ ૨૩ પાકો નકકી કરવામાં આવ્યા છે તેમાં ગુજરાતમાં ૧૫ જણસી જેવી કે બાજરી, જુવાર, કપાસ, મગ, તલ, ચણા, રાઈ, શેરડી અને મગફળી વગેરેનો સમાવેશ થાય છે.

આ વ્યવસ્થાના ભાગરૂપે ગત ચોમાસુ સીઝનમાં ગુજરાત સરકારે રાજયના ૨.૭૩ લાખ થી વધુ ખેડુતો પાસેથી અંદાજે ૧૨.૨૩ લાખ મેટ્રીક




ટન થી વધુ મગફળી ટેકાના ભાવે ખરીદીને ભાવ પુરતા આપ્યા છે તેવુ આજે વિધાનસભા ગૃહ માં ધારાસભ્ય દ્વારા પુછાયેલા પ્રશ્નનો જવાબ કૃષિ મંત્રી રાઘવજી પટેલે આપ્યો હતો. વધુમાં મંત્રીએ કહ્યુ હતુ કે ચોમાસુ સીઝન ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ખેડુતોને પ્રતિ ૨૦ કિલોએ રૂપીયા ૩૫૦ જેટલો ભાવવધારો આપવામાં આવ્યો છે. આ ઉપરાંત શિયાળુ સિઝનમાં થતા ચણા, રાયડો અને ઘઉં વગેરેના પુરતા ભાવ મળી રહે અને નુકશાન ન થાય તે માટે આગોતરૂ આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.

વધુમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં ટેકાના ભાવે ડાંગળ પ્રતિ કિવન્ટલે રૂપીયા ૨૩૨૦, બાજરી રૂપીયા ૨૬૨૫, જુવાર રૂપીયા ૩૩૭૧, મકાઈ રૂપીયા ૨૨૨૫, તુવેર રૂપીયા ૭૭૫૦, મગ રૂપીયા ૮૬૮૨, અડદ રૂપીયા ૭૪૦૦, તેમજ મગફળી પ્રતિ કિવન્ટલે રૂપીયા ૬૭૮૨ ના ભાવે ખરીદવામાં આવી છે. જેમાં ગત વર્ષ કરતા અંદાજે કિવન્ટલ દીઠ રૂપીયા ૨૦૦ થી ૨૫૦ જેટલો વધારો કરવામાં આવ્યો છે. સંપૂર્ણ વૈજ્ઞાનિક પધ્ધતિ થી ટેકાના ભાવ નકકી કરવામાં આવે છે.

જેમાં કૃષિ યુનિર્વસિટી દ્વારા એગ્રો કલાઈમેટ ઝોન મુજબ તાલુકાની પસંદગી કરવામાં આવે છે. આમા તાલુકા દીઠ ૩ ગામોનુ કલસ્ટર બનાવીને વિવિધ ૧૨ ખેડુતોની પસંદગી કરવામાં આવે છે જેમાં ખેડુત પાસેથી વાવણીથી ઉત્પાદન સુધીના ખર્ચની વિગતો મેળવવામાં આવે છે. આ ઉત્પાદન દરમિયાન થયેલ ખર્ચમાં ૫૦ ટકાનો વધારો કરીને ટેકાના ભાવ નકકી કરવામાં આવે છે. આ ઉપરાંત ભારત સરકારના ધોરણો મુજબ ખેડુતોની હાજરીમાં સેમ્પલ લેવામાં આવે છે. આ સેમ્પલ લેવાની પ્રક્રિયાથી ખેડુતોને સંતોષ છે.

# ગુજરાતમાં હવે ઘર વેચવા કે ખરીદવા પર હાઉસિંગ સોસાયટીઓ બેફામ ટ્રાન્સફર ફી વસુલી નહી શકે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાઉસિંગ સોસાયટીમાં ઘર વેચવુ કે વારસામાં મેળવવુ હવે વધુ પારદર્શક અને કોસ્ટ ઈફેકિટવ બનશે કારણ કે રાજય સરકારે ટ્રાન્સફર ફી મર્યાદીત કરી છે અને વધારાના ચાર્જ પર પ્રતિબંધ મુકયો છે. ગુજરાત સહકારી સોસાયટી (સુધારા) બીલ ૨૦૨૪ પસાર થયાના એક વરસ બાદ ગુજરાત સરકારે હાઉસિંગ સોસાયટીઓ માટે મહત્તમ ટ્રાન્સફર ફી માટેના નિયમો સુચિત કર્યા અને વિકાસ ચાર્જ પર પ્રતિબંધ મુકયો છે. સુચિત નવા નિયમો અનુસાર ટ્રાન્સફર ફી અવેજ મુલ્યના ૦.૫ ટકા અથવા રૂપીયા ૧ લાખ જે પણ ઓછુ હોય તે મર્યાદીત કરવામાં આવ્યુ છે. નિયમોમાં સોસાયટીઓને નવા સભ્યો પાસેથી વિકાસ ચાર્જ, દાન અથવા અન્ય કોઈપણ ભંડોળમાં યોગદાનની માંગણી કરવાથી પણ પ્રતિબંધ કરવામાં આવ્યા છે. આ પગલાનો હેતુ હાઉસિંગ સોસાયટીઓને મિલ્કત ટ્રાન્સફર પર મનસ્વી ચાર્જ લાદતા અટકાવવાનો છે. જે ઘર ખરીદનારાઓ અને વેચાણકર્તાઓમાં સામાન્ય ફરીયાદ છે. ગુરૂવારે પ્રકાશિત ગેઝેટ નોટીફીકેશનમાં સુચિત ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) નિયમો ૨૦૨૫ અનુસાર હાઉસિંગ અથવા હાઉસિંગ સર્વિસ કો.ઓપરેટીવ સોસાયટીઓના કિસ્સામાં ટ્રાન્સફર ફી રૂપીયા ૧ લાખ સુધી મર્યાદીત કરવામાં આવી છે.

આવાસ અથવા ગૃહસેવા સહકારી મંડળી, બાય લો ની જોગવાઈઓની આધિન, ટ્રાન્સફર કરેલી મિલ્કતના અવેજ મુલ્યના ૦.૫ ટકા થી વધુ દર અથવા રૂપીયા ૧ લાખ જે ઓછુ હોય તેનાથી વધુ ટ્રાન્સફર ફી વસુલ કરશે નહી, સુચનાથી જણાવાયુ છે કે જયાં કોઈ મિલ્કત નાણાંકીય અવેજ વિના કાનુની વારસદારને ટ્રાન્સફર કરવામાં આવી રહી હોય, ત્યાં કોઈ ટ્રાન્સફર ફી લાગુ થશે નહી,

નિયમો વિકાસ ચાર્જ હેઠળ કોઈપણ વધારાની રકમ વસુલવા પર પણ પ્રતિબંધ મુકે છે. ટ્રાન્સફર સમયે ટ્રાન્સફર કરનાર અથવા ટ્રાન્સફર કરનાર પાસેથી વિકાસ ચાર્જ, દાન, અથવા અન્ય કોઈ ભંડોળમાં યોગદાન માટે અથવા અન્ય કોઈપણ બહાના હેઠળ કોઈ વધારાની રકમ વસુલવામાં આવશે નહી. ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) બીલ ૨૦૨૪ ગયા વરસે ૨૯ ફેબ્રુઆરીના રોજ પસાર કરવામાં આવ્યુ હતું. સહકાર રાજય મંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યુ હતુ કે રહેણાંક એકમના નવા માલીક પાસેથી સોસાયટીઓ દ્વારા વસુલવામાં આવતી ટ્રાન્સફર ફી અંગે કોઈ ચોકકસ જોગવાઈ નથી, દર વરસે આ કાયદા હેઠળ ૧૫૦૦ નવી હાઉસિંગ સોસાયટીઓ નોંધાય છે. જો કોઈ જોગવાઈ ન હોય તો, સોસાયટીનુ મેનેજમેન્ટ નવા માલીક પાસેથી તેમની વિવેક બુધ્ધી મુજબ ટ્રાન્સફર ફી વસુલ કરે છે. ટ્રાન્સફર ફી કયારેક લાખ રૂપીયા સુધી વધી જાય છે અને સોસાયટી નવા માલીકને તે ચુકવવા દબાણ કરે છે. તેવુ તેમણે ગૃહમાં જણાવ્યુ હતું. તેથી જ અમે એક નવી જોગવાઈ દાખલ કરી રહ્યા છીએ. જે સરકારને ટ્રાન્સફર ફી નકકી કરવા માટે ચોકકસ નિયમો ઘડવાની સત્તા આપશે. એકવાર સુધારેલો કાયદો અમલમાં આવશે પછી સોસાયટીના ચેરમેન કે સેક્રેટરી મનસ્વી રીતે ટ્રાન્સફર ફી વસુલ કરી શકશે નહી, તેમણે ઉમેર્યુ હતું. રીઅલ એસ્ટેટ નિષ્ણાંતો અને ઘર ખરીદનારાઓએ આ પગલાનુ સ્વાગત કર્યુ છે. તેને ખુબ જ જરૂરી સુધારો ગણાવ્યો છે. વરસો થી સોસાયટીઓ ભારે ફી વસુલવા માટે છટક બારીઓનો ઉપયોગ કરે છે. આ નિયમ ઘર માલીકોનુ રક્ષણ કરશે અને પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવશે.

પોલીસને હાથ ના કર્યા હૈયે વાગ્યા

# બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મગરવાડા ગામે મહિલા બુટલેગર સાથે પોલીસની ઝપાઝપી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજય પોલીસવડાના આદેશ બાદ ગેરકાયદેસર દબાણો અને બુટલેગરો સામે પોલીસે લાલ આંખ કરી છે, એક રીતે કહીએ તો પોલીસ જ આવા બુટલેગરો માટે રૂપીયાના જોરે જાજમ બિછાવતી હતી, ત્યારે હવે સવાલ એ ઉઠી રહ્યો છે કે પોલીસને હાથ ના કર્યા હૈયે વાગી રહ્યા છે, આ અંગેની કાર્યવાહીમાં બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકામાં મગરવાડા ગામમાં પોલીસ અને મહિલા બુટલેગરો વચ્ચે ઝપાઝપી થઈ હતી.

આ કેસમાં પોલીસે એક સગીર સહિત કુલ ૯ બુટલેગરો વિરૂધ્ધ ફરીયાદ નોંધી એક ની અટકાયત કરવામાં આવી છે. આ સાથે બે ગેરકાયદેસર વીજ કનકેશન પણ કાપી નાખ્યા છે, હાલ રાજયમાં વિવિધ ઠેકાણે દબાણકારો પર મોટી કાર્યવાહી કરીને દાદાનુ બુલડોઝર ચલાવવામાં આવી રહ્યુ છે, તો બીજી તરફ પોલીસે બુટલેગરો પર પણ તવાઈ બોલાવી છે.



વડગામ તાલુકાના મગરવાડા ગામમાં પોલીસે મહિલા બુટલેગરના ત્યા દરોડા પાડયા હતા. જયાં પોલીસ અને બુટલેગરો વચ્ચે ઝપાઝપી થઈ હતી. આ દરોડા દરમિયાન બુટલેગરો અને તેમના પરીવારે પોલીસને તપાસમાં સહકાર આપ્યો ન હતો, એટલુ જ નહી પરંતુ પોલીસ સાથે તપાસમાં ઝપાઝપી થઈ હતી. જો કે પોલીસ દ્વારા દરોડા પાડીને બુટલેગરોના ઘરનુ વીજ બીલ અને વેરાનુ બીલ તપાસમાં આવતુ હતું. જેમાં બે વીજ જોડાણ ગેરકાયદેસર દેખાતા કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ કરતા બહાર આવ્યુ હતુ કે આ લોકો ઘરમાં જ દેશી દારૂની ભઠ્ઠી બનાવીને દારૂ વેચતા હતા. આ સાથે પોલીસે બે ગેરકાયદેસર વીજ કનેકશન શોધીને તેને કાપવાની પણ કાર્યવાહી કરી હતી. પોલીસે આ દરોડામાં બુટલેગરો પાસેથી ૭૨ લીટર દેશી દારૂ તેમજ ૨૦ લીટર વોશ સહિત કુલ રૂપીયા ૧૪૯૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ત્યારબાદ આ મુદ્દામાલનો નાશ પણ કરવામાં આવ્યો હતો. પોલીસે આ ગુન્હામાં એક સગીર સહિત કુલ ૯ બુટલેગરો વિરૂધ્ધ ફરીયાદ નોંધીને અટકાયત કરી છે.

ગુજરાતમા ગરમી વધવાની શક્યતાઓ વધી રહી છે

# DEOની સૂચનાથી વિદ્યાર્થીઓ લેશે રાહતનો શ્વાસ, શાળાના સમયમાં થશે ફેરફાર

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાગરમી વધવાની શક્યતાઓ વધી રહી છે. ત્યારે આગામી દિવસોમાં સુરત સહિત કેટલાક શહેરોમાં તાપમાન ૪૨-૪૫ ડિગ્રી સુધી પહોંચે તેવી શક્યતા છે. જેથી કલેક્ટર સાથેની બેઠક બાદ જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાના આચાર્યોને સૂચના આપી છે. જેમાં રાજ્યમાં વધતા તાપમાન અને હીટવેવની સ્થિતિને જોતા જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાના આચાર્યોને સૂચનાઓ આપી છે. જેમાં સૂચનાઓ આપવામાં આવી છે કે ગરમીના મોજાના કિસ્સામાં શાળાઓ તેમની અનુકૂળતા મુજબ શાળાના સમયમાં ફેરફાર કરી શકશે. આગામી દિવસોમાં રાજ્યમાં તાપમાનમાં વધારો થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. આ સિવાય સુરત સહિત કેટલાક શહેરોમાં તાપમાન વધવાની આશંકા છે. આવી સ્થિતિમાં, શાળાઓને વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને સમયપત્રકમાં ફેરફાર કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. ૧૫મી માર્ચના રોજ કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા હટ એક્શન ટાસ્ક ફોર્સની બેઠક મળી હતી. આ બેઠકમાં હેવ વેવની તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોને ગરમીથી બચાવવા અંગે ચર્ચા કર્યા બાદ આ નિર્ણય લેવાયો હતો. એટલુજ નહીં ગરમીથી બચવા શું કરી શકાય તેનું માર્ગદર્શન આપવા માટે પણ શાળાઓને સૂચના આપવામાં આવી છે. આ સિવાય શાળાના આચાર્ય વહેલી સવારે શાળા શરૂ કરી શકે છે અથવા બપોરની પાળીનો સમય પણ બદલી શકે છે. આ અંગેનો નિર્ણય શાળાના આચાર્યો પર છોડવામાં આવ્યો છે. આપને જણાવી દઈએ ઉનાળાની શરૂઆત સાથે જ સુરત શહેરમાં ઝાડા-ઉલ્ટી અને તાવના કેસોમાં પણ વધારો થયો છે.

ગયા મહિનાની સરખામણીમાં આ મહિને ઝાડા-ઉલ્ટી અને તાવના કેસમાં પણ વધારો થયો છે. ખાસ કરીને નાના બાળકોને ઝાડા-ઊલટીની સમસ્યા થઈ રહી છે. ત્યારે જિલ્લા કલેક્ટરને અગાઉથી જ કહેવામાં આવ્યું હતું કે તેઓ બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને પોતાની રીતે શૌચાલયની હાલત બદલી શકે છે.

એસ્ટેટ વિભાગને SRPની મદદ લેવી પડી

# અમદાવાદના કોટ વિસ્તારમાં પાથરણાંવાળાઓનો આતંક

## એસ્ટેટ વિભાગ અને દબાણકર્તાઓ વચ્ચે અથડામણ થતાં મામલો ગરમાયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ

અમદાવાદ શહેરમાં પોલીસના આકરા પગલા બાદ પણ કાયદાનો કોઈ ડર નથી તેમ સતત જોવા મળી રહ્યું છે. અમદાવાદમાં પૂર્વ વિસ્તારમાં આવેલા ભદ્ર વિસ્તારમાં પાથરણાંવાળાઓએ કોર્પોરેશન, પોલીસ સાથે ઝપાઝપી કરવાનો બનાવ સામે આવ્યો છે.

અમદાવાદ શહેરમાં દબાણકર્તાઓને દૂર કરવા અમદાવાદ કોર્પોરેશન અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હોવાનું સૂત્ર તરફથી માહિતી પ્રાપ્ત થઈ છે. હાલ ૮૫૦ પાથરણાંવાળાઓને માલસામાન વેચાણ કરવાની મંજૂરી આપવામાં આવી છે. કોર્પોરેશનને ગેરકાયદેસર અતિક્રમણને લઈ અનેક ફરિયાદો મળતાં તંત્રએ કાર્યવાહી હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન એસ્ટેટ વિભાગના કામમાં લારીવાળાઓ અડચણ પેદા કરતા હતા. પરિસરમાં મોટા વાહનને (લારી) પાર્ક કરવાની મંજૂરી ન હોવા છતાં અંદર આવતા એસ્ટેટ વિભાગે SRP ની મદદથી લારીઓને જપ્ત કરી હતી.એસ્ટેટ વિભાગ અને દબાણકર્તાઓ વચ્ચે અથડામણ થતાં મામલો ગરમાયો હતો. દરમિયાન કેટલાક સ્થાનિકો અને લારીવાળાઓ ભેગા થઈ દલીલ કરવા લાગ્યા હતા, તેમ જાણવા મળ્યું છે. પરંતુ એસ્ટેટ વિભાગના અધિકારીઓનું કહેવું છે કે તેમને સ્થાનિક પોલીસની કોઈ મદદ મળી રહી નથી. તેમની મદદના કારણે ગેરકાયદેસર અતિક્રમણ કરનારાઓ બેફામ બનતા જાય છે. વસ્ત્રાલની ઘટનાને હજુ અઠવાડિયું પણ નથી થયું, ત્યાં તો કેટલાક દુષિત તત્વો તંત્ર વિરૂદ્ધ આક્રમક બનતાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરાં ઉડતાં દેખાઈ રહ્યાં છે.